સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૫ | અંક : ૫ | ઓગસ્ટ - ૨૦૧૮



# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓની ઉજવણી


શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય - વિદ્યાર્થી સંઘની સોગંધવિધિ


જે.એન. બાલિકા વિદ્યાલય - વિદ્યાર્થી સંઘની સોગંધવિધિ


અસારવા વિદ્યાલય - મહેંદી હરિફાઈ


સરસ્વતી કુમારશાળા નં.૨ - જ્ઞાનગૌરવ - સિદ્ધિના સન્માન

# ઘરશાળા

**ઓગસ્ટ - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૫**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |



**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| સારસ્વતધામ દેખાડું | મિતલ પટેલ " પરિભાષા" / ૮ |
| જીવતું શિક્ષણ ગમતું શિક્ષણ હોય | મનસુખ સલ્લા / ૯ |
| વરસાદનું ગીત | રાજેશ બારૈયા "વનવાસી" / ૧૨ |
| બાળકને બાળક રહેવા દઈશું ! | ડૉ. ઉર્મિલાબેન શાહ / ૧૩ |
| અંગ્રેજી ભાષાનો આપણાં ઉપર પડછાયો | જશીબહેન નાયક / ૧૫ |
| મારો લાડકવાયો ભાઈ... | પરમાર કુંજલ હેમેન્દ્રભાઈ / ૧૬ |
| દિલોજાન દોસ્તી | રણછોડ શાહ / ૧૭ |
| અધ્યયન નિષ્પતિ આધારિત શિક્ષણ | ડૉ. ધીરજલાલ ટી. રાઠોડ / ૧૯ |
| નિવૃત્ત શિક્ષક, પર્યાવરણમાં પ્રવૃત્ત શિક્ષક | ડો. સંજય આર. તલસાણીયા / ૨૫ |
| નૈતિક શિક્ષણ એક અંગ શિક્ષણનું | ચંદ્રવદન વ્યાસ / ૩૦ |
| સફળતાના મંત્ર | પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર / ૩૧ |
| ઉચ્ચ શિક્ષણ અને સમાજ નિર્માણની અપેક્ષાઓ | પ્રવીણ કે. મકવાણા / ૩૫ |
| નિષ્ફળતાઓનું મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન | પ્રમોદભાઈ એન. પ્રજાપતિ / ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |



# "ઘરશાળા"

# શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## બાળ-અપરાધનાં પ્રેરક પરિબળો

મોટાભાગના બાળઅપરાધીઓ ઘર બહારના, ખાસ કરીને નજીકની હલકી વસ્તી, સિનેમાઘર, રેલ્વે સ્ટેશન, શાકમાર્કેટ જેવાં વિસ્તારોમાંથી આવે છે. આવા દૂષિત અને કલુષિત વાતાવરણની સીધી અસર પેલાં વિકસતાં બાળકો ઉપર પડે છે, જે તેમને તેવું વર્તન કરવા પ્રેરે છે.

તો અન્ય બાળઅપરાધીઓ તેમનાં ભગ્ન કુટુંબોમાંથી પેદા થાય છે. તેઓનાં માતા-પિતા તરફથી તેમને વિકૃત અને અપૂર્ણ મોડેલ પ્રાપ્ત થાય છે. તેમનાં તોછડાં વર્તન, અરુચિકર વ્યવહાર, કુટેવો, અનિયમિતતાઓ, અશ્લિલ વાતો વગેરેમાંથી બાળકો ઘણું બધું ગ્રહણ કરી લેતાં હોય છે. માબાપ વચ્ચે ચાલતા સતત ઝઘડા, ખાનપાનની કુટેવો, દારૂ, તમાકુનું વ્યસન તથા જાતીય વિકૃતિઓની છાપ બાળકો ઉપર પડવાથી તેઓ પણ તેમનું અનુકરણ કરે છે. પરિણામે તેઓ અસામાજિક કૃત્યો અને વર્તન દાખવે છે, જે તેમને અપરાધી બનાવે છે.

તેવી જ રીતે, બાળકો મોટી વયના માણસોના વિકૃત અને અસામાજિક વર્તનવ્યવહારના પ્રભાવ હેઠળ આવતાં તેઓ તેમને અનુસરવાનું વલણ કેળવી લે છે. એવા બેકાર, લુખા અને વિવિધ રીતે નિંદનીય લોકોની ટોળીના સભ્યો બની જતાં એ બાળકોને વાર લાગતી નથી, કેમકે તે તેમને ગમે છે, એટલું જ નહિ એ ટોળીના માણસો તેમને લલચાવે છે અને સંરક્ષણ પણ પૂરું પાડે છે.

ઘર, સમાજ અને શાળાના વાતાવરણમાં ન ગોઠવાઈ શકતાં અને સતત અણગમો, અકળામણ, નારાજી અને તનાવ અનુભવવાથી કેટલાંક બાળકો વિકૃત વર્તન કરવા તરફ વળી જાય છે, જે ક્રમશઃ ગુનાહિત કૃત્યો કરતાં થાય છે. ઘરનાં અને શાળા કે સમાજનાં અન્ય સમવયસ્કો સાથે અનુકૂલન ન સાધી શકતાં, લઘુતાગ્રંથિ અને ઈર્ષ્યા અદેખાઈની વૃત્તિ ધરાવતાં કેટલાંક બાળકો તેમનો અસંતોષ વ્યક્ત કરવા ચોરી, ભાંગફોડ, મારામારી જેવાં અપરાધી કૃત્યો કરે છે.

આમ, અપરાધનાં પ્રેરક પરિબળો એકાધિક હોય છે.

# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## ૭૨મા સ્વાતંત્ર્ય દિને સંકલ્પ

૧૫ ઑગસ્ટ ૧૯૪૭ની મધરાતે બ્રિટિશ શાસનની ધરામાંથી દેશ સ્વતંત્ર થયો. ભારત વર્ષના ઈતિહાસમાં નવા યુગની શરૂઆત થઈ. વર્ષોની ગુલામી અને વિદેશી શાસનમાંથી દેશ મુક્ત થયો. મુક્તિનું વ્હાણું આજથી ૭૧ વર્ષ પહેલા નવા પ્રકાશ નવી આશા આકાંક્ષા સાથે ક્ષિતિજે પ્રગટ્યું.

આજે ૭૧ વર્ષ પછી આપણે અનેક નવા શિખરો સર કર્યા છે. આર્થિક અને સામાજિક વિકાસ ધીમો છતાં મક્કમ થયો છે. નાગરિકના સુખાકારીના અંકોમાં સુધારો છે પણ સંતોષજનક નથી તેમ કહેવું અસ્થાને નથી. ગરીબીની રેખા નીચે જીવન ગુજારતા નાગરિકોની સંખ્યામાં ઘટાડો થયો છે છતાં બાળ-મરણ-કુપોષણ અને શુદ્ધ પીવાના પાણી અંગે હજુ ઘણું કરવાનું બાકી છે.

સ્વચ્છતા અને સેનિટેશન અંગે વડાપ્રધાનની ઝુંબેશની સફળતાનો આધાર નાગરિકોની સક્રિય ભાગીદારી ઉપર છે. સ્વચ્છતા અંગે લોકજાગૃતિ એક લોક આંદોલનમાં પરિવર્તિત થાય તો જ આ ભગીરથ કામ સફળ થાય.

આર્થિક દૃષ્ટિએ અસામનતા વધી છે. વિકાસના લાભો સમૃદ્ધ અને સુખી નાગરિકોને વધુ મળ્યા છે. ગરીબ અને સુખી નાગરિકો વચ્ચે ખાઈ વધી રહી છે તે કઠોર સત્ય છે. આપણું કલ્યાણ રાજયનું સ્વપ્ન હજુ અધૂરું છે. સત્તાના વિકેન્દ્રીકરણ અને લોકભાગીદારી અંગે આપણે **સક્ષમ નાગરિકો** કેળવી શક્યા નથી પરિણામે સ્વતંત્ર ભારતનો નાગરિક આજે પણ "રૈયત" જ રહ્યો છે. જીવનના દરેક ક્ષેત્રમાં રાજયની દખલગીરી અને તાબેદારી વધતી જાય છે. ગાંધીનું રામરાજય હજુ નજરે પડતું નથી. ભ્રષ્ટાચાર અને શોષણ સ્વતંત્રતા પછી પણ સામાન્ય પ્રજાને પજવી રહ્યા છે.

ઉપરોક્ત પરિસ્થિતિ છતાં દેશનો સામાન્ય નાગરિક અકળાયો નથી. સ્વસ્થચિત્તે ભારતની આ વિકાસયાત્રામાં સહભાગી રહ્યો છે, લોકશાહી પ્રક્રિયામાં સક્રિય રહ્યો છે તે આપણા માટે સંતોષ લેવા જેવી બાબત છે. ૧૨૫ કરોડ ભારતવાસીઓ અને વિશ્વના સૌથી વધુ યુવાન મતદારોએ લોકશાહીમાં શ્રદ્ધા વ્યક્ત કરી દેશના ગણતંત્રને ગરિમા બક્ષી છે તેમ કહેવું વ્યાજબી છે.

૭૨મા સ્વાતંત્ર્ય દિને આપણે સૌ સ્વતંત્ર ભારતના નાગરિકો જ્ઞાતિ, ધર્મ, કોમના ભેદભાવની ઉપર ઊઠી સાચા ભારતીય તરીકે મા ભારતને વિશ્વના નકશા ઉપર ગૌરવશાળી બનાવીએ તેવા સંકલ્પ સાથે વિરમું છું.

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# સરસ્વતીની વિકાસકૂચ

આવું વિચારતાં વિચારતાં અમે શાળાના મુખ્ય મકાનમાં ગયા. ભવાનીભાઈની ટીમ જાણે એક જ કામ કરશે. એક જ પરિવારના સભ્યો હોય તેમ સૌ કામ કરતા હતા.

**વીતેલા વર્ષોમાં તેમનું સ્થાન :**

**નિષ્ઠાવાન ભવાનીભાઈ :** શાખાની વાત એટલે કે શાળાની વિસ્તૃતિકરણની વાત. ભવાનીભાઈ જે જગ્યાએ કામ કરતા એ જગાને શોભાવતા. તેઓ જગાને અનુકૂળ થવા પ્રયત્ન કરતા. આજે મારાં સ્મરણોમાં એમની પણ કેટલીક વિશિષ્ટતાઓ તાજી થઈ આવે છે. સરસ્વતીના વીતેલાં વર્ષોમાં એમનું પણ સ્થાન અગત્યનું છે. શ્રી ભવાનીભાઈ સ્વભાવે નિષ્ઠાવાન અને સિદ્ધાંતપ્રિય. સ્વીકારેલા સિદ્ધાંત પ્રમાણે જ તેઓ કામ કરે. સરસ્વતી વિદ્યાલયમાં એ જ્યારે ભણાવતા ત્યારે નૂતન-શિક્ષણની દૃષ્ટિએ તેઓ નાના-મોટા પ્રયોગો અમલમાં મૂકતા. કોઈ નવો પ્રોજેક્ટ એમની સામે મૂકવામાં આવે ત્યારે એને તેઓ આનંદથી સ્વીકારતા અને અમલમાં લાવવા પ્રયત્ન કરતા. તેઓ કામનો હેતુ પહેલા સમજી લેતા. દરેક નવા પ્રોજેક્ટમાં સૌથી મહત્ત્વની વાત તો બાળકોનું ઈન્વોલ્વમેન્ટ કેવું છે એનું મહત્ત્વ રહેતું, એમના વર્ગમાં જઈને ઊભા રહીએ તો જોઈ શકાશે, કે દરેક બાળક-તેમના પાઠમાં ભાગ લેતો જ હોય. વર્ગમાં સૌના હાથ ઊંચા થતા અને બોલવાનું હોય તો બાળક બોલવા પ્રયત્ન કરતો. બી.એડ.માં ભણવા જતાં શિક્ષકને બી.એડ.માં વિદ્યાર્થીઓ સામે પાઠ આપવાનો થાય છે. ''ટીચર ટીચિસ ઇંગ્લિશ ટુ જોન, બટ ફોર ગુડ ટીચ ઈટ જોન લર્નસ ઇંગ્લિશ.'' વર્ગના બાળકો પોતે જ ભણતા. આ વાત તેઓ પોતાનાં શિક્ષણકાર્યમાં ક્યારેય ભૂલ્યા ન હતા. પછી તે અભ્યાસક્રમ હોય કે ઈત્તરપ્રવૃત્તિ હોય તેમણે એકવાર સ્વીકારેલા વિચાર તેઓ વ્યવહારમાં મૂકવાનું ભાગ્યે જ ભૂલે. તેમણે સ્વીકારેલો સિદ્ધાંત એમના પત્ની પણ બદલી શકાવે નહિ. તેમને કોઈ સિદ્ધાંતમાં નાની એવી પણ બાંધછોડ કરવાનું ફાવે નહિ. તેમને બાંધછોડ કરવાની તકલીફ થાય. મહામુશ્કેલીથી જો એમને સમાધાન કરવું જ પડે ત્યારે જાણે પોતે પોતાના મન સાથે લડાઈ કરતા હોય એવું લાગે. મન સાથે લડાઈ લડતા સંયોગોમાં એમને જોવાનીયે અમને મજા પડતી.

''વિજ્ઞાનમાં સિદ્ધાંતોની શોધ થઈ છે ત્યારે દરેક વૈજ્ઞાનિકે એક વાત સ્વીકારી છે. સિદ્ધાંત એ ''પ્રોવિઝન થિયરી'' કહેવાય છે કાયમી નહીં. આપણે શિક્ષકોએ તો માનવીના મન સાથે કામ કરવાનું. તેથી આવું તો બને જ ને ? ''હા જશીબહેન ! તમારી વાત માનું છું પણ મારો સ્વભાવ એવો છે.'' મેં કહ્યું તમારી વાત સાચી છે ભવાનીભાઈ, વારંવાર નિર્ણયો બદલાય નહીં - પણ આપણે બાળકોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખવી પડે.''

આ વાત થયા પછી એકવાર મારી પાસે આવીને કહે, ''તમારી વાત મેં ઘણી ગંભીરતાપૂર્વક વિચારી લીધી છે. ખાસ થેંક્યૂ તો નહીં કરવું પડે ને ? અમે સૌ ખૂબ હસ્યાં. કોઈવાર ''કોમ્પ્રોમાઈઝ'' કરવાથી પરિણામ સારું આવતું હોય છે. આ કોમ્પ્રોમાઈઝ એટલે ફેક્સીબિલિટી. દરેક સિદ્ધાંતને ક્યાંક નાનકડો અપવાદ હોય ને ? બીજો એમનામાં ખૂબ ગમી જાય તેવો ગુણ છે ચેલેન્જ ઉપાડવાનો. કોઈ પણ નવું કામ તેમના પર આવે ત્યારે એમની ઈચ્છાશક્તિ ખૂબ જ તીવ્ર બને. અને ચેલેન્જને સ્વીકારી લે. કઠિન કામ સ્વીકારવાનું એમને ખૂબ ગમતું. કોઈ એવી

મુશ્કેલી ભરેલ પરિસ્થિતિ થાય ત્યારે એવી પરિસ્થિતિને સ્વીકારીને કામ કરવામાં તેમને મજા આવતી. એક પ્રસંગ આજે યાદ આવે છે. "ભવાનીભાઈ, એક વાત કરવા તમને બોલાવ્યા છે. તમને તો આ પરિસ્થિતિનો ખ્યાલ છે. આપણી કસોટી છે. આપણે કસોટીમાંથી પાર પડવું છે." રઘુભાઈ બોલ્યા. ભવાનીભાઈ એકચિત્તે સાંભળતા હતા. હિંમતભાઈ પણ હતા. આ વિસ્તારના ખૂબ જાણીતા અને યુવાનોમાં પ્રિય શિક્ષક. કેટલાક કારણોથી સંસ્થાને એમનાથી છૂટા પડવાનું બન્યું છે. આવા સંજોગોમાં એમની જગાએ કામ કરવાનું બીડું તમે ઝડપો એમ છો ? મને લાગે છે કે તમારો ચેલૅંજિંગ સ્વભાવ છે. અને કામ સ્વીકાર્યું એ કામને અમલમાં મૂકવાની તમારી દૃઢ ઇચ્છાશક્તિ યોગ્ય છે. તમને આ વિનંતી છે." અમને ત્રણેયને તેઓએ ગંભીર જોયા. રઘુભાઈની વાત આગળ ચાલી.

"આપણી સંસ્થાની રમતો જામી ગઈ છે. અમદાવાદની બીજી શાળાઓમાં આપણી પ્રતિષ્ઠા જામી છે. યુવાન બાળકોએ પોતાનું નામ એવું તો કાઢ્યું છે કે રમતના મેદાનમાં સરસ્વતી વિદ્યાલયના બાળકોને જોતાં બીજી શાળાના વિદ્યાર્થીઓ નરમ થઈ જાય છે. આવું સ્થાન આપણું છે. આવી કક્ષાએ આપણે છીએ. આ પ્રતિષ્ઠાનું રક્ષણ અને તેને સાચવી લેવાનું કામ તમે કરો ખરા ?" થોડીવારે ભવાનીભાઈ બોલ્યા.

"હા રઘુભાઈ, હું સમજી ગયો છું. હું કામને જરૂર સ્વીકારીશ. એમાં મારી વ્યક્તિગત કસોટી છે. સંસ્થાનું કામ આવા સંજોગોમાં ન કરું તો ક્યારે કરું ? માત્ર એક વિનંતી છે કે શરૂઆતના સમયમાં તમે રમતના મેદાન પર વારંવાર આવો તો મારું કામ સરળ બની જાય." વિદ્યાર્થીઓને નવા શિક્ષક માટે ટેવાતા વાર લાગશે. હું મનમાં જ વિચારતી હતી. "આ કામ વાતાવરણને સુધારવા માટે જરૂર મુશ્કેલ છે." એટલામાં જ રઘુભાઈએ કહ્યું કે, "હું ત્રણ અઠવાડિયા સુધી તમારી સાથે વધારેમાં વધારે કલાકો ગાળીશ." તો મને આત્મવિશ્વાસ જરૂર આવી જશે." ભવાનીભાઈને રઘુભાઈના આ જવાબથી શાંતિ થઈ.

આમ બે-ત્રણ સપ્તાહ રઘુભાઈ તો જાણે શાળાના આચાર્ય મટી ગયા હોય અને રમતના જ કેળવણીકાર હોય એવું લાગેલું. સિદ્ધાંતને ખાતર છૂટા કરવા પડેલા શિક્ષકની જગાએ એવી રીતે તો કામ કર્યું કે જાણે છૂટા કરેલ શિક્ષકની વિદ્યાર્થીઓને ખોટ જણાઈ નહીં. ઘરે જઈને એમના માતા-પિતાને બાળકો વાત કરતા. અમારા આચાર્ય રમતના મેદાન પર આવે ત્યારે અમારી સાથે રમવા પણ લાગે છે. એવી તો મજા આવે છે કે એમને આઉટ કરવાની મજા આવે !

એક શિક્ષકને તો વળી ભવાનીભાઈને કહેતા, "રઘુભાઈ તો જાણે પી.ટી. કૉલેજના પ્રિન્સિપાલ હોય એવું લાગે છે." ત્યાં ઊભેલા બીજા શિક્ષકો અને હું હસી પડતા. ભવાનીભાઈ કહે "એ તો ગમે તે હોય, પણ રમતના મેદાન પર એમની હાજરી જ મારે માટે બસ છે." દરેક દિવસને અંતે રોજ હું કંઈક નવું શીખું છું. જર્મની જઈને પીએચ.ડી. થઈને આવેલા રઘુભાઈ રમતના મેદાન પર જાણે જુદા જ લાગે છે.

બે સપ્તાહ પછી મેં પૂછ્યું કે "ભવાનીભાઈ ! હરીફાઈનો સમય પાસે આવી ગયો છે. આપણા વિદ્યાર્થીઓ પહેલા જીતીને આવતા હતા તે બધી યે રમતોમાં જીતીને આવે એ યાદ છે ને ?" તેમના અવાજમાં ઉત્સાહ હતો. તરત જ કહે "જશીબહેન ! વિદ્યાર્થીઓ રમીને આવે એની રાહ જુઓ." મને પણ ખબર છે કે આપણા વિદ્યાર્થીઓને એલિસબ્રિજની શાળાના વિદ્યાર્થીઓ "મરચું-રોટલો" કહીને ચીડવે છે. પણ છતાં આપણી શાળા જરૂર જીતી જશે."

હરીફાઈ પૂરી થઈ. દર વર્ષે જેટલી રમતોમાં જીતીને

આવતા હતા એટલી જ રમતોમાં આપણા વિદ્યાર્થીઓ જીતીને આવ્યા. ભવાનીભાઈ તો આપણી રમતની ટુકડીઓની સાથે જ હતા. જેમાં જીત્યા એમાં પહેલું બીજું સ્થાન પ્રાપ્ત કરેલ.

"ભવાનીભાઈ અભિનંદન. આપણી પ્રતિષ્ઠા જળવાઈ રહી." ભીની આંખે રઘુભાઈ અભિનંદન આપી રહ્યા હતા. સ્વસ્થ થઈને કહે, "રમતના મેદાનમાં તમે ઊજળું કરી બતાવ્યું છે."

"પણ રઘુભાઈ, તમારો સાથ પણ એટલો જ મજબૂત હતો." એમના હૃદયમાં પણ ભાવનાઓનો પ્રવાહ વહેતો હતો. આમ શાળાની મૂંઝવણભરી પરિસ્થિતિને ભવાનીભાઈએ ચેલેન્જમાં ફેરવી દીધી. તેઓ એક પછી એક બધા કામોને સફળ બનાવતા હતા. હવે તેઓ સરસ્વતી શાળાના આચાર્ય બન્યા. તેમને ઓળખ્યાં પછી આ કામ તેમને સોંપવામાં અમે નિશ્ચિત હતા. તેઓ બોલવામાં જરા ઢીલા લાગે. પણ શાંતિથી પોતાની વાત સામેની વ્યક્તિને ગળે ઉતારી દેતા.

કેટલાક શિક્ષકોને નવું કામ કે નવો કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે સુસ્ત લાગતો. તેમને નવું કામ ન ગમતું. તેવા શિક્ષકો ભવાનીભાઈને 'વેદિયા' કહેતા. પણ ભવાનીભાઈએ એ શબ્દને ક્યારેય ગણકાર્યો ન હતો. તેઓ તો નવા પ્રોજેક્ટ માટે કાયમ તૈયાર જ હોય.

જે યુગમાં સંસ્થાને સારા કાર્યકરો મળતા હતા. તે જ દસકામાં શ્રી ભવાનીભાઈ સંસ્થાને મળ્યા. જ્યાં જ્યાં તેઓ જે જગાએ કામ કરતા. એ જગ્યાએ બંધબેસતા થઈ જતા. આમ રમતનું મેદાન, શાખાની સંભાળ, રિટાયર્ડ થયા પછી બાલભારતીના આચાર્ય, બધાય કામો તેમણે દૃઢ મનોબળ દાખવી પાર પાડ્યા.

આચાર્ય હતા એ દરમિયાન તેઓ વાલીઓનો સંપર્ક કરતા અને પ્રવાસોમાં પ્રોત્સાહન આપતા. શાળાના શિક્ષકોને નિયમિતતાનો પાઠ પોતે ભણાવેલો. તેઓ શાળામાં ભાગ્યે જ મોડા પડે. બીજાને મોડા પડવા દે નહીં.

આમ, એમને સોંપેલા કામમાં અમે ખૂબ જ નિશ્ચિત રહેતા. બાલ-ભારતી છોડતાં પહેલાં શ્રી નીતાબહેનને આચાર્ય બનાવવાનું એમનું સૂચન સંસ્થાએ હોંશથી સ્વીકારેલું.

આવા કાર્યકર શ્રી ભવાનીભાઈની આજે ય આ સંસ્થા ઋણી છે.

નિષ્ઠાવાન ભવાનીભાઈ જ્યાં હો ત્યાં સુખી રહો
એવી અમારી હૃદયભાવના છે.

## સારસ્વતધામ દેખાડું

**મિતલ પટેલ " પરિભાષા"**

૧૪, ઓમ રેસિડેન્સી, ન્યુ વાવોલ, ગાંધીનગર.

**આવ આવ આવ તને ચાંદ દેખાડું**
**આંખોમાં ચમકતો ગુલાલ દેખાડું**
**આવ આવ આવ તને ભગવાન દેખાડું**
**નાનકડી હથેળીમાં એ ભાવ દેખાડું**
**નાના નાના પગલાંના નિશાન દેખાડું**
**તું કહે તો ચલ તને ચારધામ દેખાડું**
**ખળભળ ખળભળ વહેતા એ જૂવાળ દેખાડું**
**તું કહે તો ચલ તને શ્રી રામ દેખાડું**
**અંતરના મંદિરિયાના ઉજાસ દેખાડું**
**તું કહે તો ચલ તને નિર્દોષ બાળ દેખાડું**
**શાળા વનરાજીમાં મ્હાલતા શ્યામ દેખાડું**
**વૃંદાવન બનતી એ નિશાળ દેખાડું**
**કાલી,ઘેલી વાતો કરતી રાધા દેખાડું**
**તું કહે તો યશોદાનો કાન દેખાડું**
**ભારત દેશના ભાવિનું આકાશ દેખાડું**
**ચલ તને વર્ગ મહીં સારસ્વત ધામ દેખાડું.**

# જીવતું શિક્ષણ ગમતું શિક્ષણ હોય

**મનસુખ સલ્લા**

મનુષ્ય માત્રને અનુકૂળ સંવેદનો ગમે છે. અનુકૂળ સંવેદનો તો માતા પણ કરાવે છે, પરંતુ સંવેદન અનુકૂળ હોવા સાથે વ્યાપક પણ હોય એવું શિક્ષકો, સર્જકો, કલાકારો કરી શકે છે. સંવેદનની વ્યાપકતા એટલે જાતની મર્યાદામાં બંધાઈ ન રહેતાં, વ્યાપક જીવનનાં સુખ દુઃખને પોતાનાં ગણવાની તાલીમ અને ટેવ મને સદ્‌ભાગ્યે આવા શિક્ષકો મળ્યા તેથી મારી ભાવસૃષ્ટિ સ્વહિત બુદ્ધિમાં સંકોચાઈ ન ગઈ.

મારું ગામ નેસડી (તા. સાવરકુંડલા, જિ. અમરેલી) ત્યાં હું સાત ધોરણ સુધી ભણ્યો. શાળામાં સ્વરાજની નવી હવા વાતાવરણમાં હતી. અમારા કોઈ શિક્ષક તાલીમી ન હતા. શાળાંત થયા કે શિક્ષક. સૌરાષ્ટ્રના મોટા આગેવાન અમુલખભાઈ ખીમાણીએ ૨૬ વર્ષ નેસડીમાં ગ્રામનિવાસ કર્યો એટલે શાળા અને ગ્રામ એક બન્યા. શાળાના તમામ મહત્ત્વના કાર્યક્રમો તે ગામના પણ ખરા જ. ધ્વજવંદનમાં વિદ્યાર્થીઓ કરતાં ગામલોકો વધારે હોય. પહેલાં ગારાની જૂની નિશાળ હતી. નવી નિશાળ બાંધવા આખા ગામના તમામ ઘરમાંથી વારા પ્રમાણે સૌએ ઈંટો પાડવાનું શ્રમદાન કર્યું હતું. અમે નાના હતા તો પાણી પાતા કે વસ્તુઓ અંબાવતા. પ્રભાત ફેરી અને ગ્રામ સફાઈથી જ ઉત્સવ ઉજવણી શરૂ થતી. તમામ શિક્ષકો સાથે હોય. એક કિલો પૂણી કાંતીને સૂતર આપીએ એટલે ગાંધીજયંતીએ બે જોડ કપડાં ભેટ મળતાં. એ માટે દરરોજ રાત્રે પેટ્રોમેક્સને અજવાળે નિશાળના મેદાનમાં સમૂહ કાંતણ થતું. તેમાં અંતકડી રમાય અને વાર્તાઓ સાંભળવા મળે. દર શનિવારે સંમેલનમાં ગીત-નૃત્ય-નાટક-એકપાત્રી અભિનય વગેરે રજૂ થતાં. આ સઘળામાં ભાગ લેવા શિક્ષકો પ્રોત્સાહન આપતાં અને તૈયારી કરાવતાં. પ્રવાસ શાળાનો ભાગ ગણાતો.

આ વાત થઈ પ્રવૃત્તિઓની. એનાં તાત્ત્વિક અર્થો કે અસરોની અમને ખબર નહોતી, પણ રાષ્ટ્રથી ઓછું અમારું નિશાન ન હોય તેવી રીતે બધું પ્રત્યક્ષ થતું. ગણિતનો દાખલો ન આવડે તો ક્યારેક શિક્ષક થપાટ મારતા (મને તેવી ઓછામાં ઓછી મળી છે) પરંતુ અમારા વિકાસ માટે શિક્ષકો ભરપૂર કાળજી લેતા - સામૂહિક રીતે તો ખરા જ, વ્યક્તિગત રીતે પણ. મને યાદ છે કે છઠ્ઠું ધોરણ હતું. નદીએ નહાવું, રમતો રમવી, ગલુડિયાં રમાડવાં, ભવાયા જોવા અને નકલરૂપે ભજવણી કરવી આ બધાંમાં સત્રાંત પરીક્ષામાં મારે માર્ક્સ ઓછા (એટલે ૫૫ ટકા જેટલા) આવ્યા તો મારા આચાર્ય મારા બાને મળવા ઘેર આવ્યા. ભણવામાં ધ્યાન આપવાની મારી ભલામણ કરી. બાએ પછી એવી આર્દ્ર રીતે મને કહ્યું કે હું સુધરી ગયો. એક આચાર્ય વિદ્યાર્થીને ઘેર જઈને વાલીને ભલામણ કરે એવા અમારાં શિક્ષકો હતા. ત્રિવેદી સાહેબ કવિતા મોઢે કરાવવાના આગ્રહી હતા, તેનો લાભ આજે પણ દેખાય છે. વિષયોમાં શું ભણ્યો તે આજે ભાગ્યે જ કાંઈ યાદ છે, પણ શિક્ષકોનો સ્નેહસંબંધ, વાતાવરણ અને પોતે જે કાંઈ નવું જાણ્યું તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની એમની તત્પરતા આજે પણ યાદ રહ્યાં છે. આ પૃથક્કરણ તો આજે, એ કાળે તો અનુભવો અસરરૂપે, જમીનની અંદરના ભેજની જેમ, ભીતરમાં ઊતર્યા હતા. જેણે પછી અનેક નવા અનુભવો લેવાની ક્ષમતા આપી. એમાંથી સંવેદનો વ્યાપક થયાં. ભણતર, પરીક્ષા, ઈન્સ્પેક્શન, પરિણામપત્રક બધું હતું, પણ અમે તેના ભાર નીચે કદી કચડાયા નહીં. પ્રકૃતિનાં તમામ સ્વરૂપો સાથે શરીરનાં અંગો જેવો સંબંધ હતો. એક દિવસ પણ એવો નહોતો કે કાંઈક નવું શીખવાની વાત બાને ન કહી હોય.

મારા મામા ઘનંજયભાઈ સાગરની ભલામણથી નવી શરૂ થયેલી છાત્રાવાસી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા લોકશાળા-ખડસલીમાં હું દાખલ થયો. અમારા એકેય

શિક્ષકો તાલીમી ન હતા. એક સિવાયના સૌ અપરિણીત હતા. અમારી સાથે રહેતા-જમતા-રમતા ને સમય આવ્યે ભણાવતા. તેમને ઊંડા પાણીમાં ખેંચી શકાતા. હતૂતૂતૂમાં તેમને પણ દબાવી દેતા. તેમની સાથે ખાવાની હરિફાઈ થઈ શકતી. (અમારામાં એવા બહાદુરો હતા.) રાત્રે ચાંદનીના અજવાળે મેદાનમાં કોઈ નવલકથા કે જીવનચરિત્રની વાતોમાં બાર વાગી જાય તો નવાઈ નહોતી. શ્રમની ધાબળીમાં સામા છેડે શિક્ષક હોય એ સ્વાભાવિક ગણાતું. અમારી પાસે પ્રવાસના પૈસા ન હોય તો બિચારા બનીને, દાનથી રકમ મેળવવાને બદલે શિક્ષકો ગામના ખેડૂતોનાં ખેતરો ઉધડ રાખી લઈ, સમૂહ શ્રમથી શીંગ ખેંચી, પૈસા એકઠા કરી સ્વમાનભેર પ્રવાસ કરાવતા.

અમને નિર્ભય બનાવવા અમારા આચાર્ય હરિભાઈ ગોરડિયા ચીઠ્ઠી આપી, રાત્રે નદીને સામે કાંઠે ગૌશાળા વ્યવસ્થાપકને આપી આવવાનું કહેતા. અંધકાર, તમરાં બોલતાં હોય, આંકડામાં ભૂત દેખાતાં હોય, રૂંવાડાં બેઠાં થઈ જાય. નદીમાં પગ બોળવાની હિંમત ઝટ ન થાય. ને બીકથી પાછા વળી જવાય તો ખબર પડે કે અમારા કોઈ શિક્ષક પાછળ પાછળ આવતા હતા. અમને થેપલાં-સુખડીનું ભાતું આપી પાંચપાંચની ટુકડીમાં તુલસીશ્યામ મોકલવામાં આવતા. ચાલતા જવાનું. રસ્તામાં જે અનુભવ થાય તે. સૌએ જાતે માર્ગ કાઢવાનો. અંધારા પહેલાં જંગલના સીમાડે પહોંચવાનું. મોટાભાગની ટુકડીઓ નિશાને પહોંચે. એક માન્યતા એવી હતી કે સિંહ સૌથી છેવાડાનાને ઉપાડી જાય. તેથી સૌ આગળ રહેવા ક્રમ બદલતા રહે. બેટરી ત્યારે દુર્લભ વસ્તુ હતી. મનમાં કાંઈનું કાંઈ થાય. ત્યાં ઓચિંતાની ખબર પડે કે સાથે ચાલનારા અમારા શિક્ષક છે. તેઓ ક્યારે, ક્યાંથી જોડાઈ ગયા તેની ખબર જ ન પડે. આ અનુભવો એ અમારું નિબંધ લેખન. એની ચકાસણી થાય. ઉત્તમને સૌ સામે વાંચવામાં આવે, વર્ણન શક્તિ, ભાષા, અવલોકનશક્તિ - બધાંની કદર થાય. અમે બાર રૂપિયામાં ઉત્તર ભારતનો પ્રવાસ કર્યો છે !

ઉત્સવ ઉજવણી તો અદ્‌ભુત. દરેક વખતે કાંઈક નવું હોય. અમે ભાગ લેનારા રાત-દિવસ એક કરીએ. પ્રૅક્ટિસમાં શિક્ષકો ધ્યાન રાખે. એવું જ રમતના મેદાનના મલખમ, ડંબેલ્સ, લેઝિમ વગેરેના દાવમાં જાણે સૌ એક પ્રાણની જેમ કરતા હોય. એમાંથી ડિસિપ્લિન શીખવા મળી, પણ તે જડ નહિ પણ જવાબદારીભરી હતી. અમારી ૧૪૦ની સંખ્યામાં ૬૨ જણ કવિતા લખતા (ટક્યા ત્રણ જણ) કવિતાનો રસ કેળવાય એ માટે કવિ મીનપિયાસીને અમારી સાથે રહેવા દોઢ મહિનો બોલાવ્યા હતા. શિક્ષકો પોતાના વિષયના માત્ર ખાં નહોતા, રસનું ધોર્યું હતા. પ્રવીણભાઈ શાહ વિજ્ઞાન ભણાવે તો જાણે કવિતા ભણતા હોઈએ તેવા તરબોળ થતા. દિપકભાઈ મહેતા અંગ્રેજી ભણાવવામાં પાઠ્યપુસ્તકનો ઉપયોગ ન કરે. બધું જિહવાગ્રે. ભણાવવાની રીત સૌની અલગ અને આગવી. પ્રયોગોની મોકળાશ એવી કે જેને જે સૂઝે તે અમલમાં મૂકે. શિક્ષકોને પ્રશ્નો પૂછતા અમને ક્યારેય થડકારો નહોતો લાગ્યો. પ્રોત્સાહન અપાતું તેમ કદર પણ થતી. એટલે નવમા ધોરણમાં સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણ નિયામક શર્મા સાહેબ આવ્યા ત્યારે એક કલાક પછીય અમારા પ્રશ્નો ખૂટ્યા નહોતા.

અમારા શિક્ષકો માતા-મિત્ર-માર્ગદર્શક બધી ભૂમિકા ભજવતા. માંદગીમાં એવી કાળજી લેતા કે ઘર લગભગ યાદ ન આવે. આજે યાદ કરું છું તો સમજાય છે કે શાળાની એક પણ પ્રવૃત્તિ કે વિષય એવાં ન હતાં જે જીવન અનુબંધિત ન હોય. ગ્રામસફાઈ કે પ્રભાતફેરી, પ્રાથમિક શાળાના વર્ગો કે રાત્રિ શાળાના વર્ગો, ગામમાં રમતો રમાડવી કે સંસ્થાના બીડમાં આગ લાગે ત્યારે દોડીને હોલાવવા જવું એમાંનું કાંઈ 'ભણતર' બહારનું નહોતું.

અમારા શિક્ષકો અનેક રીતે સમજાવતા કે માકર્સ નહિ, માણસાઈ મહત્ત્વની છે. જગ્યા નહિ, જવાબદારી મહત્ત્વની છે. વ્યક્તિગત સુખ પૂરતું નથી, આખા સમાજની

કાળજી લેવી જોઈએ. આ માટે ભાવો વ્યાપક થાય. સંવેદના છેલ્લા માણસ સુધી વિસ્તરે, માનવીય ગુણો ટેવરૂપે બની જાય એ માટે અનેકવિધ ઉપક્રમો યોજાતા રહેતા. એકવાર અમને ગણિતનાં પ્રશ્નપેપર-ઉત્તરવહી અપાઈ ગયાં ત્યાં આચાર્ય જયંતીભાઈ અંધારિયા દોડતા આવ્યા, કહે, ' વરસાદ અંધાર્યો છે. ગૌશાળાની નીરણ બહાર પડી છે. પરીક્ષા પછી રાખીએ ? ' અમને એની નવાઈ નહોતી. પશ્નપેપર ઉત્તરવહી પાછાં આપી, દોડીને ગૌશાળાએ પહોંચી નીરણ ઓરડામાં ભરી દીધી. વરસાદમાં પલળતા પાછા આવ્યા. રાત્રે પ્રાર્થના પછી જયંતીભાઈએ પૂછ્યું,' ગણિતની પરીક્ષા બાકી રહી છે, તો અત્યારે લઈ લઈએ ? ' એનીય તૈયારી અમે પ્રશ્નપેપર વાંચ્યું હતું, પણ કોઈનેય સૂઝયું નહોતું કે અંદરોઅંદર વાત કરી લે કે પુસ્તકમાંથી ઉત્તરો જોઈ લે. એવો વિચાર ન આવે એવું વાતાવરણ સર્જવામાં અમારા શિક્ષકોની વશેકાઈ હતી.

લોકભારતીના મહાન શિક્ષકો મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર.બુચ અને બીજા અનેક ઉત્તમ શિક્ષકો અને ગૃહપતિઓએ ઉપર વર્ણવી તેવી પ્રવૃતિઓમાં (ગંગોત્રી લોકભારતી હતી) અમને રાખ્યા. સાથે જ જવાબદારી, વિશ્વાસપાત્રતા, ભાવોની વ્યાપકતા અને વિચારોની વૈશ્વિકતા માટે પ્રેર્યા. અમે સૌએ ક્ષમતા પ્રમાણે ગ્રહણ કર્યું. પરિણામે કેટલા માર્ક્સ આવ્યા એ તીવ્ર અહંકારનો મુદ્દો કદી બન્યો નહિ. અમારું માપ અને માન માર્ક્સની ટકાવારી નહિ, અમે કેવા માણસ છીએ તેને આધારે થતું હતું.અમારું નિશાન એ બને તે માટે અનાયાસ સહજ વ્યવહાર થતો હતો. વિદ્યાર્થીઓ હોય અને ભૂલ ન કરે એવું તો લશ્કરમાં જ બને. અમે પણ ભૂલો કરી છે, પણ ભૂલ પોતે ગુરુ બને, અમે જાત તપાસ કરતાં કરતાં કોઠા વટાવીએ તેવી સંબંધભાત અને વાતાવરણ સર્જવામાં અમારા શિક્ષકોની અનન્યતા હતી.

ઉપરના વર્ણનોમાંથી તારવી શકાય તેવાં સર્વકાલીન તત્ત્વો છે : કેળવણીપ્રદ ભાવાવરણ, નિર્વ્યાજ સ્નેહસંબંધ, સ્વહિતને બદલે સર્વજનહિત તરફ પ્રેરતાં કાર્યક્રમ, પ્રવૃતિઓ, લાયબ્રેરી-વાંચન, ઉત્સવો, અભ્યાસક્રમ, સમાજ અનુબંધિત પ્રવૃતિઓ, જીવાતા જીવનને વાજબી રીતે ઓળખવાના ઉપક્રમો, આદર છતાં પ્રશ્નાર્થવૃત્તિને પ્રોત્સાહન, હરીફાઈ કરવાની જ હોય તો જાત સાથે - આ અને આવાં તત્ત્વોએ અમને એવાં કેળવ્યાં કે કથીર પણ સોનારૂપે નીવડી આવે. એટલે હું લોકભારતીમાં અધ્યાપક અને આચાર્ય તરીકે છત્રીસ વર્ષ રહ્યો ત્યારે મારે માટે વિશેષ એવું કાંઈ નહોતું, બસ જીવવાનું જ હતું. એની અનુભવકથા એટલે મારું પુસ્તક 'અનુભવની એરણ પર'.

આ સઘળું ન હોય અને કેવળ વર્ગખંડ, ટ્યૂશન, માર્ક્સ અને પરિણામ જ કેન્દ્રમાં હોય તો એ પ્રવૃતિ કારકિર્દી ઘડતરની ભલે હોય, મનુષ્યત્વની કોળવણીની નથી જ. એની ખોટ કેવળ વિદ્યાર્થીઓને જ નથી, સમગ્ર રાષ્ટ્રને છે. દેશમાં આટલું મોટું યુવાધન જે રીતે મોબાઈલ, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને ટી.વી.માં છબછબિયા કરીને કોહવાઈ રહ્યું છે તે ખોટ સમગ્ર રાષ્ટ્રની છે. આ સાધનો ગતિ વધારવા માટે છે, પણ આનો ઉપાસ્ય દેવ બની ગયાં છે. જોખમી એ છે કે પસંદગીઓ બદલાઈ ગઈ છે.

આનો ઉપાય છે ખરો ? હા, છે. આજે મકાનો, સાધનો, સુવિધા, ખર્ચના આંકડા અસામાન્ય ઝડપે વધ્યાં છે, પણ શિક્ષકો કાં નાદાર છે, કાં બિચારા છે, કાં હેતુહીન બન્યાં છે, એટલે આટલો ઘટાટોપ છતાં વ્યાપક અસંતોષ અનુભવાય છે. ઉપર વર્ણવેલી કેળવણીની પાયાની બાબતોની ઉપેક્ષા થઈ છે. પણ એ કેવળ હવાઈ આદર્શો નથી, શ્વાસોચ્છ્વાસ જેવી અનિવાર્ય બાબતો છે. એનો પ્રવેશ કરાવવો, અને એને પુનર્જીવિત કરવી જરૂરી છે તો આટલું અનિવાર્ય ગણવું જોઈએ :

(૧) સરકાર બધું વધુને વધુ હાથમાં (કબજામાં) લેવાનો પ્રયત્ન કરે છે તે ખોટો રસ્તો છે. પ્રયોગશીલને સ્વાયત્તપણે કાર્ય કરવા દેવું જ જોઈએ. વધુ મોકળાશ

અને જરૂરી ઑડિટથી આગળ સરકાર ભૂમિકા ન ભજવે.

(૨) આજે શિક્ષક તાલીમ યાંત્રિક બની છે. ભાર પદ્ધતિ અને પાઠ્યપુસ્તક ઉપર છે. તાલીમ ઉપર છલ્લી થાય છે. (તેમાં પણ ભ્રષ્ટ પ્રણાલીઓ છે) તેને બદલે તાલીમમાં નિષ્ઠા અને ભાવાત્મક બાજુઓ ઉપર સમતુલ્ય ભાર આપવો જોઈએ. આને કાર્ય-તાલીમ પણ નિરસ-કઢંગી-જડ હોય છે. તેની જવાબદારી ઉત્તમ સંસ્થાઓને સોંપવી જોઈએ.

(૩) વાલીઓની અપેક્ષાઓ વિકૃત બની છે. તેનો ભોગ બાળકો બને છે. વાલીઓ પણ મૂંઝાઈને પ્રવાહમાં ઘસડાય છે એટલે વાલી જાગૃતિ અને તેમની ભાગીદારી ખૂબ જરૂરી છે.

(૪) અભ્યાસક્રમો અસહજ રીતે અઘરા બનાવ્યા છે અને તેમાં ઉત્તીર્ણ થવું એ લક્ષ્ય ગણાય છે તે માનસ બદલવું જરૂરી છે. અભ્યાસક્રમો વાજબી બનાવવા જરૂરી છે. રસિક અને જીવન અનુબંધિત અધ્યાપન ઉપર ભાર મૂકવો આવશ્યક છે.

(૫) આજે વિદ્યાર્થી ગોખનાર બની ગયો છે, સમજનાર નહિ એટલે વિદ્યાર્થીઓની ભાગીદારીવાળી પ્રોજેક્ટ પદ્ધતિએ કાર્ય થવું જોઈએ. વિદ્યાર્થી સ્વશિક્ષણ દ્વારા શીખે એના પર ભાર મુકાવો જોઈએ.

(૬) અનુબંધિત શિક્ષણ હોય તો જ જવાબદારીનું અને નાગરિક ધર્મનું શિક્ષણ થાય. એ દૃષ્ટિએ 'શીખવું' નો નવેસર અર્થ કરવામાં આવે. વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછતાં થાય, તપાસતા થાય, તારણો મેળવતા થાય, સામાજિક અનુબંધ કરતા થાય તેવું ભાવાવરણ અને સંબંધભાત રચવા અનિવાર્ય છે.

(૭) અભ્યાસક્રમ દરમિયાન દરેક વિદ્યાર્થી સમાજ-ઉત્થાનના કાર્યમાં કક્ષા અનુસાર ભાગીદાર બને તે અનિવાર્ય બનાવવું જોઈએ.

(૮) આજે ભય અને સ્પર્ધાનો માહોલ છે તેને બદલે સહજતા, સ્વવિકાસ અને શીખવાના આનંદનો માહોલ સર્જવો જરૂરી છે.

(૯) માધ્યમિક કક્ષા સુધી શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોય. નહિ તો મૂળ વિનાના ઝાડ જેવી વિદ્યાર્થીઓની મનોદશા થશે. રાષ્ટ્ર માટે એ ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ હશે.

# વરસાદનું ગીત

**રાજેશ બારૈયા "વનવાસી"**

મુ.પો. બોરડા, તા. તળાજા, જિ. ભાવનગર ૩૬૪૧૩૦

**વાદળ વાદળ વાદળ,**
**વરસાદ ખેંચી લાવો.**
**નાનકડા છોડને માટે,**
**પાણી વહાવી આપો.**
**સારી સૃષ્ટિને તમે,**
**નવું જીવન આપો.**
**જંગલ ખેતર સર્વેમાં,**
**હરિયાળી ખૂબ લાવો.**
**મોર અને મેંઢક માટે,**
**કળાનું કામણ લાવો.**
**ઘોર અંધારી રાત્રિમાં,**
**આગિયાનો પ્રકાશ આપો.**
**સુગરી દરજીના માળામાં,**
**ઘાસ કૂણું - કૂણું આપો.**
**જગતના તાત ખેડૂતને,**
**ખુશીનું ખંજન આપો.**
**બાળકોની બાળસૃષ્ટિમાં,**
**હોડીની રમત આપો.**
**વનોમાં વનવાસી માટે,**
**પ્રકૃતિની વાચા આપો.**

# બાળકને બાળક રહેવા દઈશું !

**ડૉ. ઉર્મિલાબેન શાહ**

૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૭૯૨૩૦૪૦૪

તેં તારા શુભમનું એડમિશન નક્કી કરી લીધું ? હજી કેટલી તપાસ કર્યા કરીશ ? આમને આમ બધેય જગ્યા ભરાઈ જશે અને તું ક્યાયની નહીં રહે. તારી તો બધી બહુ જ ચીકાશ છે. અરે ! કોઈપણ સ્કૂલ હોય. આપણે જ્યાં સુધી આપણા બાળકને એમાં દાખલ ન કરીએ. એ સ્કૂલમાં જતું ન થાય ત્યાં સુધી એ સ્કૂલનાં વાતાવરણનો, એની સીસ્ટમનો સાચો ખ્યાલ જ ક્યાં થઈ આવે ? અરે ! એમાં તમારો ઈન્ટરવ્યૂ લે કે બાળકનો ઈન્ટરવ્યૂ લે એ બધી માત્ર ઔપચારિક વાતોચીતો પરથી તો એનો ખ્યાલ જ ક્યાંથી આવે ! ખરો અનુભવ તો વખત જતાં જ આવે... અને ત્યારે જે પરિસ્થિતિ હોય તેને આપણે અનુકૂળ થવું જ પડે... સ્વીકારવી જ પડે.

નંદિતા, સાચી વાત કહું ? મારો જીવ તો આટલા નાના શુભમને સ્કૂલમાં મૂકતા ચાલતો જ નથી, હજી એને પૂરું બોલતાં ય આવડતું નથી. ઘરમાં હોય તો આપણે મા-બાપ સમજી જ જઈને કે એને શું થાય છે કે એને શું જોઈએ છે ? પણ સ્કૂલમાં એને સમજે એવું કોણ હોય ! અને એમાં ય હવે તો આ અંગ્રેજી માધ્યમ, એને કશું જ સમજે ય ન પડે ને બોલતાં ય ન આવડે. એ કેટલું મૂંઝાઈ જાય ! એમાં વળી એને માટે ટીચરો ય કેવા હોય ! જેને માતૃત્યનો કોઈ અનુભવ જ ન હોય એવી નાના-નાની છોકરડા જેવી છોકરીઓને ટીચર કરી નાંખી હોય. બાળક તો ટીચરનું જ્ઞાન તો પછી પણ એની આંખમાંથી નીતરતો પ્રેમ ઝંખતું હોય, વાળને આમથી તેમ ઉલાળની, અને ઊંચી એડીના સેન્ડલ પહેરી વર્ગમાં આમથી તેમ અક્કડ થઈને ફરતી એ ટીચરને જોઈને એ નાદાન નિર્દોષ નાનકડા બાળકોને એમને માટે શું લાગણી થતી હશે ? Put your finger on your lips. વારંવાર બૂમો પાડીને છોકરાંઓને મોં પર આંગળી રાખીને મૂંગા મંતર થઈ જવાનં સૂચવતી એ છોકરડા જેવી ટીચરોને બાલમાનસ કે બાલહૃદયની સંવેદનાની કશી જ સમજ સુદ્ધાં ય હશે ખરી ! અને એટલે જ મને હજી થયાં કરે છે કે મારે શુભમને આટલા દોઢ-બે વર્ષમાં આ જેલમાં મૂકવો નથી. અને એટલે જ હજી એડમિશન નક્કી કર્યું નથી પણ સ્કૂલમાં જઈને મળી તો કહે છે કે પછી તમને વચ્ચેથી એડમિશન નહીં મળે અને એટલે એવી તો મૂંઝાઈ છું કે એને સ્કૂલમાં મૂકવો કે નહીં ? મારું મન તો માનતું નથી. પણ પછી અઢી વર્ષનો શુભમ થાય અને એને બાલમંદિરમાં નર્સરીમાં દાખલ કરવો હોય ત્યારે ક્યાંય જગ્યા જ ન હોય અને એડમિશન ન મળે તો ! છેલ્લાં કેટલાય દિવસથી અમારા બે વચ્ચે આ જ ચર્ચા ચાલ્યાં કરે છે. એના પપ્પા તો મને સતત કહ્યાં જ કરે છ કે તું પૈસાની ફીકર ન કર, તું માનશે ? આટલા અમથા દોઢ બે વર્ષનાં બાળકને સવારે અઢી-ત્રણ કલાક જ એ પ્લેહટમાં મોકલવાનું નથી. ત્યાં ખુલ્લુ મેદાન કે ક્રિડાંગણ કે જ્યાં બાળક નિરાંતે રમી શકે. રેતીનાં દહેરા બનાવી એમાં ફૂલ ખોસી દેવની સંકલ્પનામાં આનંદ માણી શકે. હીંચકા, લપસણી, ચગડોળ બધાંની મજા માણી શકે. એવું કંઈ જ નથી. જાય ત્યારથી પોપટની જેમ નર્સરી રહાઈન્સ ગવડાવ્યા કરે. આવડા અમથા છોકરાને અંગ્રેજીમાં આંકડા, આલ્ફાફેટ, જુદા જુદા શબ્દો ગોખાવ્યા કરે જેની તેને સમજે ય ન પડે. સમજ જ ન પડે તો યાદ તો ક્યાંથી રહે ? પણ ટીચરનાં હાથમાં ફુટપટ્ટી હોય એની સામે જોઈ જોઈ, એની બીકે એ બોલે, બિચારા એ બાળકનું બાળપણ તો છીનવાઈ જાય જ પણ એ ફૂટપટ્ટીની બીકે શેર લોહી પણ બળી જાય... તમે માનશો ? સ્કૂલ

છૂટવાનો સમય થાય અને બાળક જેવો બેલ સાંભળે કે એકી શ્વાસે બહાર દોડે છે. જાણે જેલમાંથી કેદી છૂટ્યા ન હોય ! અને આપણા હૃદયનો ટૂકડાં જેવા બાળકને સામે ચાલીને આવી સજા કરાવવા તેમને સોંપવાનો અને ઉપરથી એને માટે પાંચ આંકડામાં ફી ચૂકવવાની ? મને તો ક્યારેક થાય છે આવી ઘેલછામાં આપણે ક્યાં સુધી મહાલ્યાં કરીશું ? અને એટલે જ હું હજી નક્કી કરી શકતી નથી કે શુભમનું એડમિશન નક્કી કરવું કે નહીં ! ઘણી બધી જુદી જુદી સ્કૂલમાં તપાસ તો કરી પણ મને તો બધે જ એકસરખું દેખાય છે. સાચું કહું ? 'કાગડા બધે જ કાળા' દેખાય છે. ક્યારેક તો એમ થઈ જાય છે કે હિંમત કરી પાંચ વર્ષ સુધી એને સ્કૂલમાં જ ન મૂકું. આ બધાં દોઢ દોઢ વર્ષમાં આવું બધું શીખવવા માડે છે પણ હું તો બાલમાનસશાસ્ત્રની અભ્યાસી એનો કેટલો ઊંડો અભ્યાસ કર્યો છે. એમાં તો સ્પષ્ટ લખ્યું છે કે બાળકને પાંચ વર્ષ પહેલાં formal education ઔપચારિક શિક્ષણ શરૂ કરવું જ ન જોઈએ. એ માનસિક અત્યાચાર છે એને રમવામાં અને ખેલવામાં દિવસો આપણને ઝૂંટવી લેવાનો શો અધિકાર છે ? અને પછી આપણે ફરીયાદ કરીએ છીએ કે, 'અને ભણવું જ નથી ગમતું'. પણ ક્યાંથી ગમે ? ભૂખ ન હોય અને બાળકને જમવા બેસાડો. અને પાંચ પકવાન પીરસો પણ એને જમવું ગમશે ખરું ! આપણે હજી એની કાચી ઉંમર હોય ને ભણવાનો ભાર માથે લાદવા માંડીએ અને પાંચ કે છ વર્ષે સાચું ભણવાનું થાય ત્યારે એ બાળક એવું કંટાળી ગયું હોય કે એને ભણવું જ ન ગમે, અને પછી આપણે ફરીદાય કરીએ કે 'કોણ જાણે કેમ આજનાં છોકરાંઓને ભણવું કેમ નથી ગમતું ? પણ એમાં દોષ કોનો ? 'ઉતાવળા સો બાવરા ધીરા શો ગંભીર' દરેક પ્રવૃત્તિ એની યોગ્ય ઉંમરે જ શરૂ કરાયને ! દોઢ બે વર્ષના બાળકને તે વળી પ્રવૃત્તિઓનાં વર્ગમાં જોતરાતાં હશે ! હવે તો મમ્મીઓને પણ તેમનાં સંતાનને રાતોરાત સર્વગુણસંપન બનાવી દેવાની ઘેલછા લાગુ પડી છે. પણ એ બાળકની ક્ષમતા, અભિરુચિ, અભિયોગ્યતા એ કશાયનો આપણે વિચાર કરીએ છીએ ખરાં ! આપણું સંતાન એ શું આપણું ચાવી વાળું રમકડું છે કે આપણે ધારીએ ત્યારે અને ધારીએ તે રીતે નાચ્યા કરે અને આપણે તે જોઈ જોઈ ખુશ થઈએ, એ બાળક છે, એને ય ગમા-અણગમા હોય એવો તો વિચાર કરવો પડેને ! આપણે ક્યાં સુધી આપણા જ સંતાનને સમજ્યા વીના એને સર્વગુણસંપન્ન બનાવવાની હોંશના અતિરેકમાં એના બાળપણને, બાળપણની નિર્દોષ મસ્તીને નષ્ટ કરી દઈશું !!!'

## અભિનંદન :
## ઊર્મિલા શાહ

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષા સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં પારિતોષિક યોજના અંતર્ગત ચાલુ વર્ષે ૨૦૧૬ માં પ્રગટ થયેલ ડૉ. ઊર્મિલા શાહના પુસ્તક 'બાળ પુષ્પોને મહેંકવા દો' ને તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.

**આ પહેલાના પારિતોષિકો જાણ માટે :**

(૧) 'બાળકને સમજીએ' ગુજરાત સાહિત્ય અકાદમી- ૧૯૯૫

(૨) 'મા-બાપ બનતાં શીખીએ' ગુજરાતી સાહિત્ય પરિષદ ભગિની નિવેદિતા દ્વિતીય પારિતોષિક- ૨૦૦૪

(૩) 'મા-બાપ બનતાં શીખીએ' ગુજરાત સાહિત્ય અકાદમી દ્વિતીય પારિતોષિક-૨૦૦૫.

(૪) 'સંતાન સ્કૂલમાં અને ઘરમાં' ત્રિવેદી શૈક્ષણિક પારિતોષિક સદ્‌વિચાર પારિતોષિક - ગુજરાતી સાહિત્ય પરિષદ.

# અંગ્રેજી ભાષાનો આપણાં ઉપર પડછાયો

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

શાળાઓ શરૂ થઈ જૂન માસમાં. આસપાસ પડોશીઓના છોકરાઓ અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ લેવાનો માતા-પિતાએ પ્રયત્ન કરી રહ્યા હતા અને આખાય ભારતદેશમાં પોતાની માતૃભાષાને બદલે અંગ્રેજી માધ્યમની શાળામાં જ પ્રવેશ મેળવવાનો અભિગમ જોવા મળ્યો. આ જાતનો માનસિક અભિગમ એક ભારત દેશના એક શિક્ષક તરીકે હું વિચારું છું ત્યારે ખરું દુઃખ અનુભવું છું.

જાપાનનો વિચાર કરીએ, ચાઈનાનો વિચાર કરીએ, જર્મનીનો વિચાર કરીએ, રશિયાનો વિચાર કરીએ. તો આ દેશોની મુલાકાતે જઈ આવેલી કેટલીક વ્યક્તિઓને મળવાનું બન્યું. એવી વ્યક્તિઓ પાસેથી એવું સાંભળવાનું મળ્યું કે દરેક દેશના બાળકો પોતાની જ માતૃભાષામાં શિક્ષણ લે છે.

પોતાની માતૃભાષામાં શિક્ષણ લેતા બાળકોને વિષયનું જ્ઞાન વધારે સારી રીતે ગ્રહણ કરવાને લીધે તેને મુશ્કેલી પડતી નથી. એટલું જ નહી, પણ એ લોકો દરેક વિષયની સમજણમાં આગળ વધેલા દેખાયા. એક પ્રસંગ યાદ આવે છે. એક અમેરિકન મહેમાનને પડોશીઓએ ચા પીવા બોલાવેલા અને ત્યાં ગયા ત્યારે એમનો દીકરો એક બાજુએ બેઠો બેઠો એક વાક્ય ગોખતો હતો. "Sunrises '6 Oclock". આ વાક્ય એ ગોખ્યા જ કરતો હતો. સૂર્ય ૬ વાગે ઉગે છે એની એને કેટલી સમજણ પડતી હશે તે સમજવું મુશ્કેલ છે. ત્યારે મને વિચાર આવ્યો કે "સૂર્ય ૬ વાગે ઊગે છે." તેવું એને માતૃભાષમાં સમજાવ્યું હોય તો તેને કેટલી જલદી સમજણ પડી જાય. આ એક દાખલો અંગ્રેજી સ્કૂલમાં ભણતા દરેક કલાસના વિદ્યાર્થીઓને સમજવાની કેવી મુશ્કેલી પડતી હશે તેના વિચારે હું ચડી ગઈ.

અંગ્રેજી ગયા પણ અંગ્રેજીમાં ભણવાનો ગાંડપણનો વારસો આપણને આપતા ગયા છે. એટલે મને એમ લાગે છે કે દરેક શિક્ષણકારોએ આ પ્રશ્નને વિચારવો પડશે. આ મૂંઝવણ હોવા છતાં આપણા દેશમાં અંગ્રેજી માધ્યમ દ્વારા ચાલતી શાળાઓ વધતી જ જાય છે. શું ત્યારે આપણે આવી પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરીએ તો કેવું સારું ? શિક્ષણકારોના ઘણા સેમિનાર વારંવાર થાય છે. પરંતુ આ પ્રશ્નને છેડવા કોઈ પ્રયત્ન કરે તો પણ એ ચર્ચા ઉડી જાય છે. અંગ્રેજી માધ્યમથી ચાલતી અને માતૃભાષામાં ચાલતી શાળા વચ્ચે એક ઊંડી ખાઈ મને તો દેખાય છે. મેં એવી વ્યક્તિઓ દેખી છે કે અંગ્રેજી માધ્યમમાં ના ભણ્યા હોય અને એક વિષય તરીકે ભણ્યા હોય એવી વ્યક્તિઓને જીવનમાં અંગ્રેજી ભાષા સમજવામાં અથવા અંગ્રેજી કંપનીઓમાં કામ કરવાની જરાય તકલીફ પડતી નથી. આ એક બહુ જ ગંભીર પ્રશ્ન છે. આપણા દેશના કેટલાક વિચારકોએ આ પ્રશ્નને છેડવા પ્રયત્ન ઘણો કર્યો છે પણ ગોળ વર્તુળની જેમ ફરી ફરીને આપણે પાછા ત્યાં આવીને ઊભા રહી જઈએ છીએ.

આજના વર્તમાનકાળમાં ટેકનોલોજી અને બીજા અનેક બાબતોમાં અંગ્રેજી ભાષાની જરૂર પડે છે. અને થોડા જ વખતમાં એ વ્યક્તિ ત્યાં જ અંગ્રેજી મુદ્દાઓ આવે છે તે સમજી જાય છે. એટલે હવે આપણે આ ગાંડપણને સમજવાની ખૂબ જ જરૂર છે. દરેક વિષયોને માતૃભાષામાં સમજવા તે કેટલા સહેલા છે તે સત્ય હકીકત આપણને ક્યારે સમજાશે. જ્યાં સુધી નહીં સમજીએ ત્યાં સુધી આવી વિચિત્ર મનોદશામાં વિદ્યાર્થીઓને આપણને શિક્ષણ આપ્યાં કરીશું. સમાજને વિનંતિ કરું છું કે વર્ષોથી ચાલ્યો આવતો આ ગૂંઝવાડાવાળા પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરે. મેં એવા ઘણા પરિવારો જોયા છે કે એમની શાળાઓમાં અંગ્રેજી વિષય તરીકે શીખ્યા હોય અને સમય જતા તેમને વાંચન અને લેખન અંગ્રેજીમાં કરવામાં જરાય મુશ્કેલી પડતી નથી.

ચાલો, આપણે શું એવો નિર્ણય કરી શકીએ કે અંગ્રેજીને એક વિષય તરીકે ભણાવીએ અને મજબૂત કરીએ ? દરેક

શાળાએ આ વિષયને સારામાં સારી રીતે ભણાવવાનો પ્રયત્ન કરવો પડશે. જેથી આ અંગ્રેજી માધ્યમનું ગાંડપણ ઓછું થાય. તો પછી શિક્ષણક્ષેત્રમાં કામ કરતા દરેક લોકોએ એક રસ્તો શોધી કાઢવો પડશે કે અંગ્રેજી વિષયને સારામાં સારી રીતે સાચુ બોલતા અને વાંચતા શીખવી શકીએ. યુરોપના એવા ઘણાં દેશ છે કે જેઓ પોતાની જ ભાષામાં શિક્ષણ આપે છે અને તેમના બાળકો સરસ પ્રગતિ કરી રહ્યાં છે. તો પછી ચાલો આપણે વિચારીએ કે અંગ્રેજીને માધ્યમ બનાવવાને બદલે એક મજબૂત વિષય તરીકે મજબૂત બનાવીએ.

આ વિચારો આ લેખ દ્વારા તમારી સમક્ષ મૂકું છું ત્યારે વર્ષો પહેલા એક શિક્ષણ પરિષદમાં હું ગયેલી ત્યારે કોઈ એક યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને પરિષદમાં આવેલી એક વ્યક્તિએ પુછ્યું કે અંગ્રેજી ભાષામાં બાળકોને શીખવવું જોઈએ કે માતૃભાષામાં ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે "બાળકને માતાનું દૂધ પીવડાવવું કે ગાયનું દૂધ પીવડાવવું." બધા હસી પડ્યા. પણ હું એ વાક્ય આજે પણ ભૂલી નથી. અને સમાજના વાલીઓને વિનંતિ કરું છું કે બાળકને પોતાની માતૃભાષામાં શિક્ષણ મળતું રહે તે જોવાની ખૂબ જરૂર છે. ચાલો, સૌ ભારતમાં રહેતા સૌને આ સંદેશો આપીએ કે માતૃભાષામાં શિક્ષણ આપીએ તો તેમાં જ બાળકોના વિકાસ થશે અને વિદ્યાર્થીઓના વિકાસને લીધે દેશનો પણ વિકાસ થશે જ.

---

# મારો લાડકવાયો ભાઈ...

**પરમાર કુંજલ હેમેન્દ્રભાઈ**

ધો.૮-ક, સરસ્વતી કુમારશાળા નં-૧, સરસપુર, અમદાવાદ.

**એક બહેન એના ભાઈ વિશે કહે છે કે**

મારો લાડકવાયો ભાઈ
સૌથી નાનકડો ભાઈ
હું દુઃખી થાઉં તો હસીને હસાવે મને,
હું રિસાઉં તો રડીને મનાવે મને
એવો મારો નખરાળો ભાઈ...
મારો લાડકવાયો ભાઈ
સૌથી નાનકડો ભાઈ (૨)

બધી વાતમાં મારી સાથે ઝઘડે
પણ સૌથી વધુ પ્રેમ પણ મને કહે,
એવો મારો નાનકડો ભાઈ
મારો લાડકવાયો ભાઈ
સૌથી નાનકડો ભાઈ

મારી બધી વસ્તુમાં ભાગ પડાવે
પણ બધી વસ્તુ આપી પણ દે
એવો મારો મસ્તીખોર ભાઈ
મારો લાડકવાયો ભાઈ
સૌથી નાનકડો ભાઈ

**એક ભાઈ એની બહેન વિશે કહે છે કે**

ચાંદ જેવી એની સુરત
ને મમતા જેવી એની મુરત
એવી મારી બહેના...

હું એનો છું વીરો
લાખો હજારોમાં એક છે.
એવી મારી બહેના...

રક્ષાબંધને આવી રાખડી રે બાંધશે
રક્ષા કરવાનું એ વચન મને આપશે,
મા ના જેવો પ્રેમ મને આપે
એવી મારી બહેના...

સૌથી વધારે વ્હાલ એ મને કરશે,
ને સારા સંસ્કારોનો પાઠ મને ભણાવશે,
'મા'થી પણ વધારે વ્હાલ એ મને આપે,
એવી મારી બહેના...

ભાઈ અને બહેનનો એક
આ અતૂટ બંધન એ મને સમજાવશે
મને આગળ વધવાની પ્રેરણા એ આપે.
એવી મારી બહેના...

ચાંદ જેવી એની સુરત
ને મમતા જેવી એની મુરત
એવી મારી બહેના...

# દિલોજાન દોસ્તી

**રણછોડ શાહ**

ઍમિટી સ્કૂલ, ભરૂચ. સંપર્ક
સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

*"માણસની આ નાદાની પણ*
*ખરેખર બેમિસાલ છે,*
*અંધારું હૃદયમાં છે અને*
*દીવો મંદિરમાં પેટાવે છે."*

સમાજ જીવન એકબીજા ઉપર આધારિત હોય છે. સામાન્ય રીતે જીવન વ્યવહાર આપેલ (Give and take) ઉપર ટકે છે. કોઈકને આપીએ તો તે અનુકૂળતાએ અને તેની રીતે પાછું તો વાળે જ છે. પરંતુ એકબીજા ઉપર શ્રદ્ધા કે ભરોસો રાખવાનું દિવસે દિવસે ઓછું થતું હોય તેવું નજરે પડે છે. એક જમાનામાં સમાજ બાર્ટર પદ્ધતિ (Barter System) ઉપર નભતો હતો. તે સમયે નાણાના વિનિમયને બદલે વસ્તુનો વિનિમય થતો. થોડાક દસકાઓ પહેલાં જ ગૃહિણીઓ ઘરનાં વસ્ત્રો ભેગાં કરી વાસણ વેચવાવાળા ફેરિયાને આપતાં અને તેના બદલામાં ફેરિયો મનપસંદ વાસણ આપતો. બાળકોને ગમતી કાગળની ચકરડીઓ લઈને સાંજે ગામમાં ગરીબ બહેનો ફરતી હતી. તેઓ વધેલું ખાવાનું લઈ સામે બાળકોને ચકરડી અથવા કાગળના રમકડાં આપી રાજી કરતાં જોવા મળતાં. શિક્ષકો કે ડૉક્ટરોને શાકભાજી કે દૂધ જેવી વસ્તુઓ નિઃસ્વાર્થ ભાવે આપવામાં સમાજ ગૌરવની લાગણી અનુભવતો. અહીંયા કોઈ લેણદેણનો સંબંધ નહોતો. પરંતુ એકબીજા તરફ કૃતજ્ઞતા દર્શાવવાની રસમ હતી. અહીંયા ધંધાકીય વ્યવહાર નહોતો પરંતુ મૈત્રીપૂર્ણ મહોબત હતી.

ક્રિસ્ટીનો રોનાલ્ડ (Christiano Ronald) ના જીવનની આ ઘટના છે. તેનો જન્મ પાંચમી ફેબ્રુઆરી ૧૯૮૫ના રોજ થયો હતો. તે પોર્ટુગલ તરફથી ફૂટબોલ રમતો હતો. તે ફૂટબોલનો એક ઉત્તમ ખેલાડી હતો. એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તે પ્રથમ ક્રમે આવ્યો. વિજેતા સમારંભ દરમિયાન પત્રકારોએ તેની જીતનું રહસ્ય જાણવા પ્રયત્ન કર્યો. તેણે પોતાને મળેલ માન આલબર્ટો ફંતરુ (Alberto Fantrau)ને આપવાનું જાહેર કર્યું. તેણે જણાવ્યું, "મારી આજની સફળતાનું તમામ શ્રેય હું મારા મિત્ર અને ફૂટબોલના ઉત્તમ ખેલાડી આલબર્ટને આપવા માંગુ છું. હું તેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં અત્યંત આનંદની લાગણી અનુભવુ છું."

*"દોસ્ત તારું શું નામ રાખું ?*
*'સપનું' રાખું તો અધૂરું રહેશે,*
*'દિલ' રાખું તો તૂટી જશે,*
*ચાલ 'શ્વાસ' રાખું છું,*
*મૃત્યુ સુધી તો સાથે રહેશે."*

લોકો એકબીજા તરફ જોવા લાગ્યા. આ ફંતરુ કોણ છે તે જાણવા સૌ ઉત્સુક હતા. રોનાલ્ડે પોતાની વાત વિસ્તારથી જણાવી : "અમે સૌ યુવાનોની ટીમમાં સાથે રમતાં હતાં. લિસ્બનની રમતગમત અકાદમીના સભ્યો ફૂટબોલની રમતમાં અમારી પસંદગી કરવા માટે આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે જે સૌથી વધારે ગોલ કરશે તેની લિસ્બનની રમતગમત અકાદમીમાં પસંદગી કરવામાં આવશે."

"તે દિવસની મેચ અમે ત્રણ વિરુદ્ધ શૂન્ય ગોલથી જીતી ગયા. પહેલો ગોલ મેં કર્યો જ્યારે બીજો ગોલ આલબર્ટોએ કર્યો. પરંતુ ત્રીજો ગોલ અત્યંત કટોકટી ભરી પરિસ્થિતિમાં થયો. આલબર્ટો મેદાનની બહારની બાજુએ

ઊભો હતો. તે લગભગ ગોલકીપરની બરાબર સામે જ હતો. ગોલકીપર થાકીને લોથપોથ થઈ ગયો હતો. તેના મોંમાંથી લાળ ટપકતી હતી. આ સંજોગોમાં આલબર્ટો અત્યંત સહેલાઈથી ગોલ કરી શકે તેમ હતો. પરંતુ તેણે તે સમયે બોલને મારા તરફ ફેંક્યો. મેં બોલને અત્યંત જુસ્સાપૂર્વક પગથી ફટકારતાં હું ગોલ કરવામાં સફળ થયો. હું બે ગોલ કરી વિજેતા જાહેર થયો. આ રીતે મારી લિસ્બનની રમતગમત એકેડેમીમાં પસંદગી થઈ ગઈ.'' રમતપૂર્ણ થતાં હું તેની પાસે ગયો અને પૂછ્યું કે તેણે આમ શા માટે કર્યું ? આલબર્ટોનો ઉત્તર અત્યંત પ્રભાવક અને ખેલદિલીપૂર્ણ હતો. તેણે જણાવ્યું, ''ભાઈ રોનાલ્ડ, મને ખબર છે કે તું મારા કરતા બહેતર ખેલાડી હોઈ વધારે સારું ફૂટબોલ રમે છે.''

પત્રકારોને રોનાલ્ડના જવાબથી સંતોષ ન થતાં તેઓ આલબર્ટોને મળવા ગયા. આતુર પત્રકારોએ સાચી વાત શોધી કાઢવા માટે આલબર્ટોનો ઈન્ટરવ્યૂ લેવાનું નક્કી કર્યું. તેઓએ પૂછ્યું કે શું રોનાલ્ડ કહે છે તે વાત સાચી છે ? ત્યારે આલબર્ટોએ તે વાતને પુષ્ટિ આપી. વળી તેણે જણાવ્યું, ''આ મેચ બાદ મારી ફૂટબોલના ખેલાડી તરીકેની કારકિર્દીનો અંત આવી ગયો. ધંધાકીય કારકિર્દી કરવાની આ અંતિમ તક હતી. તેથી ત્યારબાદ હું હંમેશાં વ્યવસાય વિનાનો રહ્યો.''

તેમ છતાં પત્રકારોએ તેની જાહોજલાલી ભરેલી રહેણીકરણી જોતાં આશ્ચર્ય અનુભવ્યું. બંગલાના ગેરેજમાં પડેલી અતિ કીમતી મર્સિડિઝ કાર અને ભવ્ય બંગલો જોયાં. તેથી તેઓ આલબર્ટોને પૂછ્યા વિના રહી શક્યા નહીં. તેઓએ સવાલ કર્યો, ''જો આટલા વરસોથી તું બેકાર છે તો ભવ્ય મકાન અને કિમતી ગાડી કેવી રીતે વસાવી શક્યો ? તારું સ્વાસ્થ્ય પણ ઘણું સારું છે, તો આ બધું કેવી રીતે શક્ય બન્યું ?''

આલબર્ટોએ હસતાં હસતાં જવાબ આપ્યો, ''આ તમામ કીમતી અને ભવ્ય સગવડો માટે હું રોનાલ્ડનો સદાય આભારી છું !''

અહીંયાં સ્વાભાવિક રીતે જ વિચાર આવે કે કેટલા લોકો રોનાલ્ડ અને આલબર્ટો જેવી મૈત્રી નિભાવી શકતા હશે ? આ સવાલ સૌએ પોતાની જાતને પૂછવા જેવો છે. ખરેખર તો આના કરતાં તદ્દન વિરુદ્ધનું વર્તન મોટાભાગના લોકોમાં જોવા મળે છે. લોકો સ્વાર્થી, કૃતઘ્ની અને નમકહરામ હોય છે. દોસ્તે કરેલા ઉપકારને મહદ્અંશે ભૂલી જતા હોય છે. કેટલા લોકો તેમના ભાઈઓ, બહેનો, મિત્રો કે સગાંઓએ કરેલ મદદ બદલ તેમના તરફ ઋણ સ્વીકારનો ભાવ પ્રગટ કરતા હશે ? જ્યારે કોઈ સફળતા પ્રાપ્ત થાય ત્યારે હંમેશાં સાથીઓએ કરેલ મદદને સતત યાદ રાખવી જોઈએ. ક્યારેય એક હાથે તાળી પડતી નથી.

જીવનની તમામ પરિસ્થિતિઓનું પ્રભુ સદાય નિરીક્ષણ કરતો જ હોય છે. તે વ્યક્તિની વર્તણૂક નિહાળતો હોય છે. પરિસ્થિતિઓ અને સંજોગોનો ન્યાય પ્રામાણિકપણે તોળતો હોય છે. સૌએ પોતાની વર્તણૂક અને કાર્યો પરમેશ્વરની સાક્ષીએ કરવા જોઈએ. આટલું સમજાઈ જાય તો જીવનમાં આનંદ, સંતોષ અને ગૌરવ મળે જ, મળે. મિત્રો સાથે આ રીતનો વ્યવહાર હોય તો જ ''દિલોજાન દોસ્તી''નો આનંદ પ્રાપ્ત થાય.

**આચમન:**

*''દોસ્તીની કોઈ સીમા હોતી નથી,*
*આ એવો પ્રદેશ છે જ્યાં ઈમારતો હોતી નથી.*
*અહીં રહે છે સૌ એકબીજાનાં દિલમાં*
*આ એવી અદાલત છે....*
*જ્યાં કોઈ ફરિયાદ હોતી નથી.''*

# અધ્યયન નિષ્પતિ આધારિત શિક્ષણ

**ડૉ. ધીરજલાલ ટી. રાઠોડ**

બી.એડ્. બેઝિક, લોકભારતી સણોસરા.

**''લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતાં બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ''**

**સમસ્યાનો ઉદ્‌ભવ :**

સામાન્ય રીતે બધાં જ તાલીમાર્થીઓને બધાં વિષયોમાં કે બધાં જ કાર્યોમાં સરખો રસ પડતો હોય તેવું જોવા મળતું નથી. દરેક તાલીમાર્થીઓને અમુક વિષય-કાર્ય પ્રત્યે થોડે ઘણે અંશે ગમો-અણગમો હોય જ છે. આ ગમા-અણગમાની અસર જોઈ શકાતી કે માપી શકાતી નથી. પરંતુ તેની અસર તેના અભ્યાસક્રમની સિદ્ધિ પરથી ચોક્કસ જાણી શકાય છે.

કોઈ પણ તાલીમાર્થીને જે વિષય પ્રત્યે વધારે રુચિ હોય તેમાં તે ચોક્કસ સિદ્ધિ મેળવે છે. તાલીમાર્થીઓ શ્રમ પ્રત્યે ધન કે ઋણ વલણ ધરાવતા હોય તે અનુભવના આધારે નક્કી કરી શકાય. તાલીમાર્થીઓના વલણ પરથી તેનાં કાર્યની અપેક્ષા રાખી શકાય અને પોતે કેવું કાર્ય કરશે તેનો પણ ખ્યાલ આવી શકે છે. આ રીતે તાલીમાર્થીઓના કાર્ય પ્રત્યેનાં વલણ પરથી શિક્ષણમાં મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

તાલીમાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અનેક પરિબળો ભાગ ભજવે છે. ખાસ કરીને નઈ તાલીમના વિચારસરણી સંચાલિત નિવાસી શાળાઓમાં તાલીમાર્થીઓને તેની સિદ્ધિમાં ચોક્કસ ભાગ ભજવે છે. આ પ્રવાહના તાલીમાર્થીઓ કેવી સિદ્ધિ મેળવી શકશે તેનો આછો ખ્યાલ શ્રમ પ્રત્યેના તેના વલણ પરથી આવી શકે છે.

ગાંધીજીએ ઉદ્યોગ દ્વારા શિક્ષણની સંકલ્પના દેશ સમક્ષ રજૂ કરી. આ સંકલ્પનામાં બે શબ્દો અગત્યના છે. ઉદ્યોગ (શ્રમ) અને શિક્ષણ જેમાં ''ઉદ્યોગ'' શારીરિક અને ઉત્પાદક પરિશ્રમ સૂચવે છે. જેને પરિણામે કંઈક ઉપયોગી ઉત્પાદન થાય જેમાંથી બાળક અને તેની આસપાસ સમાજની મૂળભૂત જરૂરિયાતો પોષાતી હોય તે દૃષ્ટિએ અન્ન, વસ્ત્ર અને આવાસની ઉત્પાદક પ્રવૃત્તિને ગાંધીજીએ મહત્ત્વ આપ્યું. બાળકના શિક્ષણની શરૂઆત થાય ત્યારથી ઉદ્યોગ દ્વારા બાળક એક ઉત્પાદક વિદ્યાર્થી બને એવું ગાંધીજી ઈચ્છતા હતા. શિક્ષણના અંગ તરીકે સમૂહમાં વિદ્યાર્થી ઉદ્યોગ કરે, પરિણામે ઉત્પાદનનાં સર્જનનો આનંદ મેળવે, અન્યને ઉપયોગી થઈ પડવાનું ગૌરવ મેળવે અને જીવન જીવવા માટેની આત્મશ્રદ્ધા કેળવે એવી ગાંધીજીની કલ્પના હતી.

બુનિયાદી પ્રવાહનું મહત્ત્વ નોંધતા જાણીતા ચિંતક-કેળવણીકાર શ્રી ''દર્શક'' નોંધે છે કે બુનિયાદી શાળામાં ''છાત્રાલય'' એકી સાથે ઘર છે, શાળા છે, અને મંદિર છે. આજનું આપનું છાત્રાલય ભૂતકાળે બહુનામે જાણીતું હતું. જેવા કે બ્રાહ્મણ કાળે આશ્રમ, બ્રાહ્મણોત્તર કાળે ગુરુકુળ, બૌદ્ધ કાળમાં વિહાર પછીથી મંદિર, ક્યારેક મઠ, પીઠ કે વિદ્યાપીઠ.

દરેક તાલીમાર્થી પોતાના અભ્યાસકાળ દરમિયાન કેટલાંક શાળાકીય વિષયોનો અભ્યાસ કરે છે અને તે વિષયોને અનુરૂપ શૈક્ષણિક અનુભવો મેળવે છે. આ અનુભવને આધારે તેમનું જે તે વિષય પરત્વેનું ચોક્કસ વલણ ઘડાય છે. જે તેમની શૈક્ષણિક પ્રગતિને અસર કરે છે. જેથી શૈક્ષણિક સિદ્ધિ અંગે માર્ગદર્શન મેળવવા તથા આપવા માટે તે વિષયનાં સંદર્ભમાં જ નવું જાણવાની પ્રયોજકની ઈચ્છા હતી. આથી શ્રમ વિષય પરત્વેના વલણો બાબતે વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો.

**અધ્યયન નિષ્પતિ આધારિત શિક્ષણ**

આમ બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓને ધ્યાનમાં રાખીએ તો શ્રમ પ્રત્યેનું વલણ તેના ચારિત્ર ઘડતરમાં

અગત્યનો ભાગ ભજવે છે. આ વલણ નિર્માણ પામે છે એટલે કે તાલીમાર્થીઓનું જીવન ઘડતર કરી શકે છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ અંગે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ.

**સમસ્યા કથન :**

લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતાં બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણનો અભ્યાસ.

**સંશોધન ક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે લોકભારતી સણોસરામાં અભ્યાસ કરતા બી.એડ્. બેઝિકના કુલ ૨૪ તાલીમાર્થીઓમાંથી ૧૯ બહેનો અને ૫ ભાઈઓ પાસે શ્રમ વિષય પ્રત્યેનું માપદંડ ભરાવવામાં આવ્યું હતું.

**સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત અભ્યાસ બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનાં શ્રમ પ્રત્યેનાં વલણનો અભ્યાસ કરવાનો હતો. અર્થાત્ સર્વેક્ષણ પ્રકારનું સંશોધન કાર્ય હતું.

**અભ્યાસના હેતુઓ :**

અભ્યાસની સમસ્યાને ધ્યાનમાં લઈ નીચેના હેતુઓને કેન્દ્રમાં રાખી અભ્યાસ હાથ ધરવામાં આવેલ.

૧. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડની સંરચના કરવી.

૨. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ માપદંડનું પ્રમાણીકરણ કરવું.

૩. શ્રમ વિષય પ્રત્યેનાં વલણ પર જાતિયતા, અભ્યાસેત્તર વિષય, રહેણાંકી વિસ્તાર અને માતા પિતાનાં શૈક્ષણિક સ્તરની અસર તપાસવી.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે રચવામાં આવી હતી.

૧. બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું જાતિયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓનાં માતાપિતાની શૈક્ષણિક લાયકાતની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**શબ્દોની વ્યવહારું વ્યાખ્યાઓ :**

પ્રસ્તુત અભ્યાસમાં આવતાં અગત્યના શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા આ પ્રમાણે સ્વીકારવામાં આવી હતી.

● નઈ તાલીમની સંસ્થા : ખાદી, શ્રમ, સહશિક્ષણ અને બુનિયાદી કેળવણી આપતી હોય તેવી નિવાસી સંસ્થા.

● શ્રમ પ્રત્યેનું વલણ : પ્રયોજકે શ્રમ પ્રત્યેનું વલણ માપવા રચેલા વલણ માપદંડ પર પાત્રએ મેળવેલ પ્રાપ્તાંકને શ્રમ પ્રત્યેનાં વલણ તરીકે સ્વીકારવામાં આવેલ.

**અભ્યાસમાં સમાયેલ ચલો.:**

પ્રસ્તુત સર્વેક્ષણાત્મક અભ્યાસમાં જે ઘટકોના સંદર્ભમાં વલણ ચકાસવામાં નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવેલ.

| **સ્વતંત્ર ચલ** | **પરતંત્ર ચલ** |
|---|---|
| ૧. જાતિયતા કુમાર, કન્યા | શ્રમ પ્રત્યેનું વલણ |
| ૨. અભ્યાસેત્તર વિષય | ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી |
| ૩. માતાપિતાઓનું સ્તર | ભણેલ, અભણ. |

**અભ્યાસનું મહત્ત્વ :**

જે તે વિષય પરત્વેનું વલણ ઊંચું તેમ તે વિષયની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી હોય છે. એવું સંશોધનના તારણો પરથી જાણવા મળે છે.

૧. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકના આધારે બી.એડ્.

બેઝિકના તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેની રુચિ કેટલી છે તેનો ખ્યાલ આવે છે.

૨. પ્રસ્તુત અભ્યાસ દ્વારા બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં કુમારો અને કન્યાઓના શ્રમ પ્રત્યેનાં વલણમાં ભિન્નતા છે કે કેમ તે જાણી શકાય છે.

૩. બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓમાં શ્રમ પ્રત્યેના વલણ પર તેઓના માતા-પિતાનાં શૈક્ષણિક સ્તરની અસર જાણી શકાય.

**અભ્યાસની મર્યાદા :**

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. પ્રસ્તુત અભ્યાસ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતાં બી.એડ્. વર્ષ ૨૦૧૬-૧૮ (બે વર્ષનો અભ્યાસક્રમ)માં દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવેલ હતો. પ્રસ્તુત અભ્યાસક્રમના પરિણામો અન્ય બી.એડ્. કૉલેજને લાગુ ન પાડી શકાય.

૨. તાલીમાર્થીઓના વલણોનાં અભ્યાસ માટે સ્વરચિત વલણ માપદંડનો ઉપયોગ કરેલો, આ ઉપકરણની જે કંઈ મર્યાદાઓ હતી તે પ્રસ્તુત અભ્યાસક્રમની પણ મર્યાદાઓ બની રહી હતી.

**માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન**

**ઉત્કલ્પના - ૧**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ભાઈઓ-બહેનોના શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ૫ ભાઈઓ અને ૧૯ બહેનો પાસે શ્રમ વિષય પ્રત્યેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર જાતિયતાની અસર ચકાસણી માટે ઉત્કલ્પના - ૧ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનામાં ભાઈઓ અને બહેનોના એમ બે જૂથો પાડવામાં આવ્યાં. આ બંનેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકો તફાવતની સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૧ માં દર્શાવેલ છે.

**સારણી ૧.૧**

બી.એડ્. બેઝિકના ભાઈઓ-બહેનોની સંખ્યા, શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણ વિચલન

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|
| ૧ | ભાઈઓ | ૦૫ | ૮૯.૨૦ | ૨૩.૭૦ |
| ૨ | બહેનો | ૧૯ | ૧૦૭.૭૪ | ૧૧.૯૭ |

સારણી ૧.૧ નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકના ભાઈઓ ૫ અને બહેનો ૧૯ના શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૮૯.૨૦ અને ૧૦૭.૭૪ પ્રમાણવિચલન અનુક્રમે ૨૩.૭૦ અને ૧૧.૯૭ છે.

આથી પ્રથમ શૂન્ય ઉત્કલ્પના "બી.એડ્. બેઝિકના તાલીમાર્થીઓનું જાતિયતાની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ભાઈઓ અને બહેનો સમાન છે.

**ઉત્કલ્પના - ૨**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતા ૧૧ તાલીમાર્થીઓના માતાપિતા ભણેલા અને ૧૩ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર માતા-પિતાની શૈક્ષણિક સ્તરના અસરથી ચકાસણી માટે ઉત્કલ્પના -૨ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ભણેલ માતાપિતા અને અભણ માતા પિતા એમ બે જૂથો

પાડવામાં આવ્યા હતા. આ બંનેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવત સાર્થકતા પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી હતી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૨ માં દર્શાવેલ છે.

**સારણી ૧.૨**

બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી, પ્રમાણ વિચલન

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|
| ૧ | ભણેલા માતા-પિતા | ૧૧ | ૯૮.૨૭ | ૧૯.૪૨ |
| ૨ | અભણ માતા-પિતા | ૧૩ | ૧૦૮.૬૧ | ૧૨.૧૬ |

સારણી ૧.૨નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં ૧૧ તાલમાર્થીઓના માતા પિતા ભણેલા અને ૧૩ તાલીમાર્થીઓના માતાપિતા અભણ પાસે શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૯૮.૨૭ અને ૧૦૮.૬૧ પ્રમાણ વિચલન અનુક્રમે ૧૯.૪૨ અને ૧૨.૧૬ છે.

આથી દ્વિતીય શૂન્ય ઉત્કલ્પના "બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતા-પિતાની શૈક્ષણિક સ્તરની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." નો અસ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના માતાપિતાના શૈક્ષણિક સ્તરની અસર સરસ જોવા મળે છે.

**ઉત્કલ્પના - ૩**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્.બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણમાં તફાવત છે કે કેમ ? તે તપાસવા બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પરત્વેનું વલણ માપદંડ ભરાવવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના શ્રમ પ્રત્યેનાં વલણ પર રહેણાંક વિસ્તારની ચકાસણી માટે ઉત્કલ્પના-૩ રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં ગ્રામ્ય અને શહેરી એમ બે જૂથો પાડવામાં આવ્યા હતાં. આ બંનેના શ્રમ પ્રત્યેના સરાસરી વલણાંકોમાં તફાવતની પ્રમાણ વિચલન વડે તપાસવામાં આવી. ગણતરીનાં પરિણામો સારણી ૧.૩માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી ૧.૩**

બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની શ્રમ વિષય પ્રત્યેના વલણાંકોની સરાસરી પ્રમાણ વિચલન

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|---|
| ૧ | ગ્રામ્ય | ૨૩ | ૧૦૪.૩૫ | ૧૬.૬૦ |
| ૨ | શહેરી | ૦૧ | ૯૩.૦૦ | ૨૩.૦૮ |

સારણી ૧.૩ નો અભ્યાસ કરતાં જણાય છે કે બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શ્રમ પ્રત્યેનાં વલણાંકોની સરાસરી ૧૦૪.૩૫ અને ૯૩.૦૦, પ્રમાણ વિચલન અનુક્રમો ૧૬.૬૦ અને ૨૩.૦૮ છે.

આથી ચોથી શૂન્ય ઉત્કલ્પના "બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓનાં રહેણાંક વિસ્તારની શ્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય." નો સ્વીકાર થતો નથી. અર્થાત શ્રમ પ્રત્યેનાં વલણની બાબતમાં બી.એડ્. બેઝિકમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓના રહેણાંક વિસ્તારની અસર જોવા મળે છે.

**સંદર્ભ :**


(૧) ગાંધીજી શિક્ષણ દર્શન
(૨) નઈ તાલીમનું નવનીત
(૩) બુનિયાદી કેળવણી
(૪) અધ્યયન મનોવિજ્ઞાન
(૫) મનોવૈજ્ઞાનિક.....

## પરિશિષ્ટ-૧
## તાલીમાર્થી / વિદ્યાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ માપદંડ

**પ્રયોજક**
**ડૉ. ધીરજલાલ ટી. રાઠોડ**
**પ્રા.બી.એડ્. બેઝિક**
**લોકભારતી, સણોસરા.**
**સંપર્ક : ૯૪૨૮૧૦૮૭૧૬**

વિદ્યાર્થી / તાલીમાર્થી મિત્રો,

પ્રસ્તુત વલણ માપદંડ ઉદ્દેશ વિદ્યાર્થી / તાલીમાર્થીઓનું શ્રમ પ્રત્યેનું વલણ જાણવાનો છે. આ વલણ માપદંડમાં શ્રમને સ્પર્શતા કેટલાંક વિધાનો આપ્યાં છે. તમારે પ્રત્યેક વિધાન કાળજીપૂર્વક વાંચીને જે અનુભૂતિ કરો છો તેનાં અનુસંધાને તમારે તમારા અભિપ્રાયો આપવાના છે.

આ કોઈ પણ બુદ્ધિ કસોટી નથી કે કસોટીમાં સાચાં-ખોટા જવાબો નથી. દરેક વિધાનમાં અભિપ્રાયનું વિશિષ્ટ મહત્ત્વ છે. અભિપ્રાય આપતાં પહેલાં દરેક વિધાન વાંચો અને તમારી દૃષ્ટિએ જે ઉત્તમ હોય તે નક્કી કરો. તમારો અભિપ્રાય દરેક વિધાનની સામે આપેલ વિકલ્પ પર ખરાંની નિશાની કરી દર્શાવો.

નીચે એક ઉદાહરણ આપ્યું છે તે જુઓ.

| વિધાન | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|
| મને શ્રમ કરવો ગમે છે. | | | | | |

એક વિદ્યાર્થી / તાલીમાર્થીનો ઉપરના વિધાન માટે ત્રીજો વિકલ્પ "તટસ્થ" અભિપ્રાય હોવાથી તેણે તટસ્થ ખાનામાં ખરાંની નિશાની કરેલ છે. તમો અહીં જે માહિતી આપશો તેને ખાનગી રાખવામાં આવશે. તેનો સંશોધનના સંદર્ભમાં જ ઉપયોગ કરવામાં આવશે માટે વિના સંકોચે ઉપરના ઉદાહરણ મુજબ દરેક વિધાન માટે કાળજીપૂર્વક અભિપ્રાયો આપશે તેવી નમ્ર વિનંતી.

સહકારની અપેક્ષા સહ.....

**આપનો વિશ્વાસુ**
**(ડૉ. ધીરજલાલ ટી. રાઠોડ)**

### નીચેની માહિતી અચુક પૂરવી.

વિદ્યાર્થી / તાલીમાર્થીનું નામ ..................................................................

અભ્યાસક્રમ / બી.એડ્. / પી.ટી.સી. / બી.આર.એસ. / એમ.આર.એસ.

કૉલેજનું નામ ..................................................................................

મુખ્ય વિષય : .................................................................................

રહેણાંકનો વિસ્તાર : શહેરી / ગ્રામ્ય

જાતિ : છોકરો / છોકરી ● માતાઃ ભણેલ / અભણ ● પિતા : ભણેલ / અભણ

## પરિશિષ્ટ : ૨

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સંમત | સંમત | તટસ્થ | અસંમત | સંપૂર્ણ અસંમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રમ દ્વારા તાલીમાર્થીના કૌશલ્યનો વિકાસ થાય છે. | | | | | |
| ૨ | શ્રમ આનંદદાયક છે. | | | | | |
| ૩ | શ્રમ કરવો એ ગદ્ધા મજૂરી છે. | | | | | |
| ૪ | વર્તમાન યુગમાં શ્રમનું મહત્ત્વ છે. | | | | | |
| ૫ | વિકસતા યુગમાં શ્રમ કરવાનો કોઈ અર્થ નથી. | | | | | |
| ૬ | શ્રમથી માનસિક થાક દૂર થાય છે. | | | | | |
| ૭ | માનવીની પ્રગતિ થાક થકી જ થઈ શકે છે. | | | | | |
| ૮ | શ્રમ સાથેનું શિક્ષણ અવ્યવહારુ છે. | | | | | |
| ૯ | શ્રમ દ્વારા વ્યક્તિનો વિકાસ થાય છે. | | | | | |
| ૧૦ | શ્રમ શારીરિક શિક્ષણની ગરજ સારે છે. | | | | | |
| ૧૧ | શ્રમ એ કંટાળાજનક છે. | | | | | |
| ૧૨ | શ્રમ કરવાથી નિયમિતતાની ટેવ વિકસે છે. | | | | | |
| ૧૩ | શ્રમ કરવો એ સમયની બરબાદી છે. | | | | | |
| ૧૪ | શ્રમ કરવો એટલે સ્વચ્છતાનું પ્રતીક. | | | | | |
| ૧૫ | શ્રમ એ તાલીમાર્થીનું શારીરિક શોષણ છે. | | | | | |
| ૧૬ | બદલાતી જતી પરિસ્થિતિ સાથે શ્રમમાં ફેરફાર જરૂરી છે. | | | | | |
| ૧૭ | વધારે શ્રમ કરનાર તાલીમાર્થી હોશિયાર બને છે. | | | | | |
| ૧૮ | શ્રમ કાર્યમાં વિવિધતા લાવવામાં આવે તો વધુ ઉત્સાહથી તાલીમાર્થી જોડાય છે. | | | | | |
| ૧૯ | શ્રમ દ્વારા વિવિધલક્ષી જ્ઞાન મળે છે. | | | | | |
| ૨૦ | મને શ્રમ કરવો ખૂબ જ ગમે છે. | | | | | |
| ૨૧ | શ્રમ એ મજૂર બનવા માટેની તાલીમ જેવું છે. | | | | | |
| ૨૨ | પ્રૅક્ટિકલ ગુણ મેળવવા માટે જ શ્રમ કરવો પડે છે. | | | | | |
| ૨૩ | શ્રમ બુનિયાદી શાળાનું જમાં પાસું છે. | | | | | |
| ૨૪ | શ્રમ કાર્યની વહેંચણીમાં તાલીમાર્થીની શક્તિ, રસ, રુચિ ધ્યાનમાં લેવી જોઈએ. | | | | | |
| ૨૫ | શ્રમ વૈજ્ઞાનિક દષ્ટિકોણ વાળો હોવો જોઈએ. | | | | | |

# નિવૃત્ત શિક્ષક, પર્યાવરણમાં પ્રવૃત્ત શિક્ષક

**ડો. સંજય આર. તલસાણીયા**

સિનિયર લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર.

સુકલકડી કાયા, ચમકતું કપાળ, પ્રકૃતિના તમામ તત્ત્વોમાંથી શીખતી આંખો, હરહંમેશ પશુ-પક્ષી અને જીવ-જંતુ વૃક્ષ-વનસ્પતિની ચિંતા અને ચિંતન કરતું સર્જનશીલ દિમાગ, હાલતું ચાલતું ઔષધ વિજ્ઞાન એટલે કિશોરભાઈ ભટ્ટ. બચપણ ગામડામાં વિતાવ્યું. પિતા સ્વાતંત્ર્ય સેનાની માતા તારામતિબહેન, તેઓ મણાર તેમજ સણોસરા ગાંધી મૂલ્યો સ્થાપિત જીવનશૈલીમાં રહ્યા અને તે સંસ્કાર નાના કિશોરમાં પણ ઊતર્યા. ગામઠી શાળામાં અભ્યાસ કર્યો પણ નાનપણથી જ ઊડતા પંખી, ખીલતા ફૂલો વિશિષ્ટ વનરાજીને નિહાળવાની તેમની બાળસહજ વૃદ્ધિ હતી. આમલા સંસ્થામાં ધોરણ ૮થી ૧૦ અભ્યાસ એટલેકે ઓલ્ડ એસ.એસ.સી પૂર્ણ કર્યું. ભણવાની અદમ્ય ઈચ્છા તેથી લોકભારતી સણોસરામાં પી.ટી.સી અને ત્યારબાદ એમ.એ.બી.એડ રાજકોટ અને ભાવનગરમાં પૂર્ણ કર્યા.

પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુના બારણામાંથી તેમ નાનપણથી જ પક્ષી, પ્રાણી અને વનસ્પતિ સાથે તેમનું જોડાણ થયું અને ધીમે ધીમે એ વિશે તેમનું ઊંડું ચિંતન પણ ચાલ્યુ. અધ્યાપકો - આચાર્ય સાધુ સંતો અને અનેક સાથે મુલાકાત, યુવાવસ્થાથી જ લગાવ અને કહોને કે પેલું પશુ,પક્ષી-પ્રાણી, વનસ્પતિ, જીવ-જંતુ સાથેનું અનુકંપિત હૃદય તેમને એ તરફ વધુ પ્રેરિત કરતું ગયું.

શિક્ષણ મેળવ્યા પછી પહેલું કામ રોજીરોટીનું હતું, પરિવારની જવાબદારી માતા-પિતા અને ભાઈભાંડુની જવાબદારીને કારણે તેમને આર્થિક રીતે કઈ ઉપયોગી થવું તે હતી. એ જ અરસામાં તેમના લગ્ન શ્રીમતી તૃષાબહેન સાથે થયા. બે દીકરીઓ દેવાંગી અને કૃપાલીને ઉચ્ચ શિક્ષણ આપ્યું. આ બધી પ્રવૃત્તિઓ સાથે-સાથે પર્યાવરણ અને પ્રકૃતિનું કાર્ય પણ એટલીજ સહજતાથી થયું.

પ્રારંભિક સમયમાં ત્રાપજ બંગલા અધ્યાપન મંદિર, જિલ્લો ભાવનગરમાં તેઓએ અધ્યાપક તરીકે સક્રિય રીતે કાર્ય શરૂ કર્યું. તેમના જીવનમાં પિતાજીની કર્મઠતા પ્રામાણિકતા, નિષ્ઠાની મોટી અસર હતી. હરહંમેશ વિદ્યાર્થીઓને શીખતા શીખવતા કરવાની તેમની અધ્યાપન પદ્ધતિ અન્ય કરતા કંઈક અલગ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પારખી તેમને યોગ્ય કાર્ય તરફ વાળવાની સૂઝબૂઝને કારણે વિદ્યાર્થીઓમાં પણ એટલા જ પ્રિય થયા. ત્રાપજ બંગલા એ સમયે ભૂતાવળ સમાન હતો. પાણીની અગવડ, નિર્જન જમીન, ખાડાટેકરા હતા એ ભૂભાગ પર કિશોરભાઈ અને તાલીમાર્થીભાઈઓના તથા અધ્યાપકોની જહેમતથી પરિસરની કાયાપલટ થવા લાગી. વૃક્ષ-બગીચાથી અધ્યાપન મંદિરનું ભાવાવરણ વિકસવા લાગ્યું.

એ સમયે ઉદ્યોગ અને કાંતણને શિક્ષણમાં સમવાય શિક્ષણ તરીકે સ્થાન મળેલું વિદ્યાર્થીઓને આ કામ ઘણા અપ્રિય પણ લાગે છતાં કિશોરભાઈ ભટ્ટના પરિશ્રમી જીવનને નિહાળી વિદ્યાર્થીઓ પણ તેમની સાથે હોંશેહોંશે કેમ્પસ નિર્માણના કાર્યમાં સહભાગી બનતા ગયા અને એ જ તો એક સાચુકલા શિક્ષકનું કાર્ય છે ને કે જે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા ચિંતનશીલ કરવા પ્રેરે.

આમ જયારે ૧૯૯૧-૯૨માં ત્રાપજ એટલે કે અધ્યાપન મંદિરને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો દરજ્જો મળ્યો અને ત્યારબાદ આ સ્થળ ભાવનગર ક્રેસંટ મુકામે શરૂ થયું. ત્યારબાદ ૨૦૦૪માં આ સ્થળ સિદસર મુકામે બદલાયુ. ત્યાં પહેલું કાર્ય વાતાવરણ નિર્માણ કરવાનું હતું. જે તેઓએ ખૂબ જ મહેનત અને નિષ્ઠાપૂર્વક આ શરૂ કર્યું.

કિશોરભાઈનો મૂળભૂત જીવ વૃક્ષો અને પક્ષીઓ તરફનો, એટલે તાલીમાર્થીઓના અને અધ્યાપકોને પણ તેઓએ આ કાર્યમાં સહભાગી બનાવ્યા. ૫૦૦ કરતાં પણ

વધારે વૃક્ષો વાવ્યા, ઉછેરાયા. ઉનાળામાં ઘણા વૃક્ષો સુકાય પરંતુ ફરી પાછા ચોમાસામાં વૃક્ષો વવાય. વૃક્ષો કદાચ સુકાય પણ કિશોરભાઇ થાકે તે બીજા.... નર્સરીમાં જઈને અનેક નવા-નવા રોપા તેઓ લઈ આવે. વડલાની પાકટ ડાળીઓ લઈ વાવે, જેથી ઝાડ ઝડપથી મોટા વૃક્ષો બની શકે વિદ્યાર્થીઓ પાસે ગોડ કરાવે, પાણી પાય, છટણી કરાવવી આ બધામાં તે તો પહેલાં જ હોય.તેઓના આ કાર્યમાં સેવક રઘુભાઈ ખૂબ સહયોગી બન્યા હતા. શનિ-રવિ અને રજાના દિવસોમાં પણ અભ્યાસક્રમ ઉપરાંત આ કાર્ય સહુ માટે પ્રેરણારૂપ બનવા લાગ્યું. આજે તેમના વાવેલા અને ઉછરેલા અનેક વૃક્ષો તાલીમ ભવન ભાવનગરને હરિયાળું બનાવી રહ્યું છે એ તેઓના અને તાલીમાર્થીઓના પરિશ્રમનો પરિપાક છે.

૧૯૯૮માં નવો વિચાર એટલે કે શાળાઓમાં ઔષધબાગ બનાવવો. જેથી બાળકોને વનસ્પતિનો પરિચય થાય અને તેઓ ઔષધિય વનસ્પતિઓનું મહત્ત્વ સમજે. તાલીમ ભવન પાછળની જગ્યાએ ટીબા જેવી હતી ત્યાં એક આદર્શ પૂરો પાડવા માટે મહા મહેનતે ઔષધબાગ ઊભો કર્યો. શ્રી કિશોરભાઈ ભટ્ટ અને તેમની તાલીમાર્થીઓની ટીમે એક નવો જ આદર્શ પૂરો પાડ્યો. જિલ્લાની જુદી જુદી શાળાઓમાંથી તાલીમમાં આવનાર શિક્ષકો માટે પ્રેરણાનો વિષય બન્યું. આ ઔષધ બાગનું ઉદ્‌ઘાટન તત્કાલિન શિક્ષણ મંત્રી દ્વારા થયું હતું. આ બાગના અરડૂસી તુલસી, રગતરોહીડો, લીમડો, રતન ગુંજા, દંતક્રાંતિ, શતાવરી, જાસુદ, આસોપાલવ વગેરે અનેક ઔષધિય વૃક્ષો અનેક માટે ઉપયોગી બન્યા છે. એમાંના અમુક વૃક્ષની જાતિ વિક્ટોરિયા પાર્કમાં પણ જોવા મળતી નથી તે અહીં છે. આજે જ્યારે પણ તેઓ તાલીમ ભવનમાં આવે છે ત્યારે આ ઔષધબાગની તેઓ અચૂક મુલાકાત લે છે, ચિંતા કરે છે તેની સમૃદ્ધિ માટે માર્ગદર્શન અને પોતાના વિચારો પૂરા પાડે છે. વૃક્ષો પણ તેમને જોઈ કેટલા આનંદિત થતા હશે એ કલ્પનાતીત છે. કદાચ વૃક્ષો, ભટ્ટ દાદા બની ગયેલા કિશોરભાઈને જોઈ વધામણા કરતા ગીતો ગાતા હશે, જેમાં શંકાને સ્થાન નથી.

**નિવૃત્તિમાં પ્રવૃત્તિ :** આમ તો શ્રી કિશોરભાઈ સેવા નિવૃત્ત થયા ન હતા ત્યારથી જ અનેક શૈક્ષણિક સંસ્થાઓ પર્યાવરણ સંલગ્ન સંસ્થાઓ પર્યાવરણવિદો સાથે તેમનો પરિચય હતો. તેઓ ભાવનગર જિલ્લાના પર્યાવરણવિદ જ ન હતા ગુજરાતમાં હવે તેમની સેવા વૃતિનો પરિચય થવા લાગ્યો અને હવે તેઓને ભાવનગરના સમાજ શ્રેષ્ઠીઓ પણ તેમના આ કાર્યોથી પરિચિત થયા હતો. એકસલ કંપનીના માલિક શ્રી નિશીથભાઈ અને સમાજસેવી દિલીપભાઈ પણ જ્યારે કિશોરભાઈ એમ કહે કે પર્યાવરણ વિશે આ- આ કાર્ય કરવું છે ત્યારે તેમની આર્થિક સહાય મળી રહેતી હતી એમાં પણ કિશોરભાઈ પોતાના ગજવામાંથી પાંચસો-હજાર ઉમેરી પર્યાવરણના કામે લગાડે.

**ચબૂતરા વિતરણ :** સરકારશ્રીના અક્ષયપાત્ર યોજના પ્રાથમિક શાળામાં શરૂ થઈ એ પહેલાં તો તેઓએ ભાવનગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં પક્ષીઓ માટે ચબૂતરા દાતાશ્રીઓના માધ્યમ દ્વારા પહોંચતા કર્યા હતા. કોઈપણ શિક્ષક કે પછી આચાર્ય આ અંગે ફોન કરે કે અમારી શાળામાં ચબૂતરો જોઈએ છે ત્યારે, કિશોરભાઈ માત્ર એક ફોન કરે અને ચબૂતરો શાળામાં ૧૫ દિવસમાં પહોંચી જાય. વૃક્ષો-વનસ્પતિ પશુ-પક્ષીઓ માટે તેમને કોઈ પાસે હાથ લાંબો કરવામાં જરા પણ શરમ ન હતી કારણકે, તેમનું કાર્ય પ્રકૃતિના સંવર્ધન અને જતન માટેનું હતું. આ કાર્ય તેઓ બાળકોમાં નવા સંસ્કાર પૂરે એ માટે કરતાં હતા. જીવો અને જીવવા દો, તેમજ તમામ જીવો પ્રત્યે દયા, અનુકંપા વગેરે સંસ્કાર પણ આમાંથી જ તે શીખે છે. આજે પણ સેવા નિવૃત્ત થયા છતાં તેમની આ પ્રવૃત્તિએ વિરામ લીધો નથી. આ કાર્ય માટે નતો તેઓ સરકાર પાસેથી નાણાં મેળવે છે કે ન તો તેમના હવે પછીના કાર્યક્ષેત્રમાં આવે છે, છતાં તેમના આ કાર્યથી તેમને આનંદ ચોક્કસ મળે છે. હા આપણે શિક્ષણના ઉચ્ચ

પદ પર બિરાજમાન અધિકારીઓ આવા પર્યાવરણ પ્રેમી શિક્ષકો કે જે સેવાનિવૃત્ત હોવા છતાં પણ કાર્યરત છે તેને શોધવા માટે પ્રયત્ન કરતા નથી, તેમને સન્માનિત કરતા નથી, બિરદાવતા નથી જે અંગે વિચરવું જ રહ્યું. અને હા, આ બધા કાર્યો તેઓ કોઈ પ્રતિષ્ઠા માટે કે લોભ લાલચને માટે નહિ પરંતુ બાળકોમાં તે સંસ્કાર સિંચન થાય અને પ્રકૃતિ ઋણ અદા થાય એ હેતુએ કરે છે.તેથી તેઓનો ભાવનગર જિલ્લાની ખ્યાતનામ સંસ્થા સાથેનો નાતો છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, કચ્છ વગરેના પર્યાવરણવિદો તેમજ જિલ્લાની તમામ બુનિયાદી સંસ્થાઓ અને સમાજસેવી સંસ્થાઓ સાથે તેઓ આજે પણ જીવંત સંપર્કમાં છે.

ઉનાળાની સિઝનમાં પક્ષીઓ માટે પક્ષીઘર અને પક્ષીપરબ માટે ચિંતા કરતા કિશોરભાઈ ભટ્ટ તાલીમાર્થીઓ અને રસ ધરાવતા અધ્યાપકને સાથે જોડે, વિક્ટોરિયા પાર્કના દરવાજે તથા પાણીની ટાંકી ભાવનગર કાળઝાળ ગરમી વચ્ચે ઉભા રહે અને વિનામૂલ્યે પક્ષીઘર અને પક્ષીપરબનું વિતરણ કરે. તેમની આ સેવાની નોંધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા તેમજ ગુજરાત સમાચાર, સૌરાષ્ટ્ર સમાચાર, ચિત્રલેખા, એગ્રોવલ્ડ, વગેરેએ લીધી છે.

**સરગવો એક ઔષધ વૃક્ષ :** સરગવો એક એવું વૃક્ષ છે જેના વિશે આજ સુધી બહુ જાજુ લખાયું કે વંચાયું ન હતું તેના પ્રત્યે સહુનું ધ્યાન આકૃષ્ઠ કર્યું. તેના તમામ અંગો, પ્રકાંડોનો જેમકે મૂળ, છાલ, ફળ, ફૂલ, બીજ, દરેકનું ઔષધિય એટલું જ મૂલ્ય રહેલું છે.તેને શિક્ષિત અને સમાજના બહોળા સમાજ વર્ગ સુધી પહોંચતું કર્યું. અને તે વિષે ૨૫૦૦૦ પુસ્તિકા શાળા-કૉલેજમાં પહોંચતી કરી. આ ઉપરાંત જ્યારે પણ વ્યાખ્યાન આપવા જાય ત્યાં વિદ્યાર્થીઓ માટે આ પુસ્તિકા લેતા જાય અને આપે.

**ગૌશાળા :** નિવૃત્તિ પછીનું તેમનું જીવનનું વિશેષ કાર્ય પક્ષી, વનસ્પતિ અને ગાયો તરફી રહ્યું. ગાયો માત્ર દૂધ માટે જ નથી તેના દૂધ, દહી, છાશ, છાણ અને ગૌમૂત્રનું મૂલ્ય પણ એટલું જ છે. તે અનેક પુસ્તકો સાધુ-સંતોની મુલાકાત પછી પેમ્ફલેટ સ્વરૂપે પ્રકાશિત કર્યું છે.આ પુસ્તિકાના પ્રકાશન માટે દાતાઓ સહાયરૂપ બને છે.

**વિદ્યાર્થી સેમિનાર :** આજે સેવા નિવૃત્ત થયા છતાં તેમનો માહ્યલો શિક્ષકનો છે. જેનો લાભ આજે પણ અનેક નાની-મોટી શાળાઓ-કૉલેજો અને સ્વૈચ્છિક સંસ્થાઓને મળે છે. વિદ્યાર્થીઓ પર્યાવરણ વિશે જાગૃત થાય પશુ-પક્ષી પ્રાણીઓની ચિંતા કરે એ માટે પોતાના ખર્ચે અલગ-અલગ સંસ્થાઓમાં જાય છે અને પોતાના અનુભવ જન્ય જ્ઞાનની પરબમાંથી વિદ્યાર્થીઓની જ્ઞાનની પ્યાસ તૃપ્ત કરે છે.

અમારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સરકારી બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓને ગત વર્ષે વિક્ટોરિયા પાર્કની શૈક્ષણિક મુલાકાત દરમિયાન તેઓશ્રીએ પર્યાવરણના તજજ્ઞ તરીકેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી આ વિશે તેમનું રસપ્રદ વ્યાખ્યાન સૌ માટે નવીનતમ હતું.

એન.સી.સી. કેમ્પ જ્યારે પણ ભાવનગર ખાતે હોય ત્યારે તેમના આ વિશિષ્ટ જ્ઞાનનો લાભ અચૂક તેઓ આપે. તેમના માટે ઘાસનું પ્રત્યેક તણખલું અને પર્ણ બહુમૂલ્ય ઔષધિ છે તેમનું વ્યાખ્યાન સાંભળવું એક લહાવો છે.

**ખેડૂત સેમિનાર :** નિવૃત્ત થયા બાદ તેમનું કાર્યક્ષેત્ર વિશાળ બન્યું છે તેમનું જ્ઞાન હવે વર્ગખંડ પૂરતું સિમીત ન રહેતાં સમાજ અને મહિલાઓ, ખેડૂતવર્ગ માટે બહુમૂલ્ય સિદ્ધ થયું છે. જ્યાં જ્યાં સભાઓ અને સંગોષ્ઠિઓ થાય છે ત્યાં જઈ પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ તેઓ આપે છે. થોડા દિવસ પહેલાં જ તેઓનું લાખેણી વાડ વિષય પરનું વ્યાખ્યાન સાંભળી સૌ કોઈ મંત્રમુગ્ધ થયા હતા. હવે તેઓ સ્વયં ખેડૂત સભાનું આયોજન કરે છે તેઓ ઓર્ગેનિક ખેતી અને મોરિંગા વિશે વાત કરે છે. ખેતીવાડીમાં ગૌમૂત્રનો ઉપયોગ કઈ રીતે ઉપયોગ કરવો તેની રસપ્રદ માહિતી સાંભળવા દૂર-દૂરથી ખેડૂતો આવે છે.

**બીજ એકત્રીકરણ :** જુદી-જુદી વનસ્પતિઓ અને ઔષધિય વૃક્ષોના બીજ એકત્રિત કરવાનું કામ ભટ્ટદાદાનું

પ્રિય અને કહોને મૂળભૂત કામ લાગે. સિઝનમાં કોના બીજ, ફળ, ફૂલ થાય તેનું પૂરેપૂરું જ્ઞાન તેઓ ધરાવે, એટલું જ નહી ભાવનગર શહેર અને શહેરની આજુબાજુના વિસ્તારમાં કઈ વનસ્પતિ છે તેના ફળ, ફૂલ, બીજ કોની વાડીએ અને બગીચામાં છે તેની માહિતી સુદ્ધા તેમની પાસે તેમના ફિલ્ડવર્કથી તેમને મળે છે. કોની વાડીએ વિશેષ વનસ્પતિ છે, વેલાઓ છે એની ભાળ મળતા પોતાના વાહન પર નીકળી પડે. નિવૃત્તિ બાદ તેમની આ પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે. ૬૪-૬૫ વર્ષની ઉંમરે પણ આજે જ્યારે સમાચાર મળે અશોક વૃક્ષ, બીલી, મહુડો, ચણોઠી, મામેજવો, રતાંગુંજા, કમલકેતકી, બીજોરુ, શતાવરી, રૂખડો, તુલસી, અરડૂસી, દેશીબાવળ, આવળ, શીમળો વગેરેના બીજ, ગાંઠ, કે કંદ અહીથી મળે છે તો ત્યાં તેઓ તરત પહોંચી જાય.

જ્યારે પણ કોઈ શાળામાં જાય ત્યારે આ ઔષધ અને વૃક્ષોના બીજ રસ ધરાવતા શિક્ષકો વિદ્યાર્થીઓને આપે અને તેના ઉછેર માટેની તેની વિધિ સમજાવે, માર્ગદર્શન આપે. પર્યાવરણ જતન અને સંવર્ધનનું તેમનું આ કાર્ય કોઈપણ માટે પ્રેરણા અને માર્ગદર્શક રૂપ બને છે. આજે તેઓ ફેસબુકમાં ખૂબ પ્રસિદ્ધ થયા છે. દૂરદૂરના રાજયમાંથી તેમની પાસે દુર્લભ વનસ્પતિઓના બીજ માગે છે ત્યારે તેઓને પોતાના ખર્ચે કુરિયર કરે છે. મેં એક વખત પૂછેલું કે આમાં આટલો બધો ખર્ચ કરો છો, ટોકન ચાર્જ તો રાખતા હોય તો ? ત્યારે તેઓ હસતાં મોં એ કહે જે રીતે આપણે પિતૃઋણ અદા કરવું પડે છે એમ હું પર્યાવરણ ઋણ અદા કરું છું. પ્રત્યેક વ્યક્તિએ આ ઋણ અદા કરવું જ રહ્યું. આજે હિમાચલ પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના અનેક પ્રકૃતિવિદ સાથે તેમનો આજે વાનસ્પતિક નાતો છે. તેમના ફેસબુક પર રોજ તેઓ બેથી ત્રણ વનસ્પતિનો પરિચય આપી જાણે પર્યાવરણિક વાતાવરણ ઊભું કર્યું છે. તેમની સાથે કાર્ય કર્યાનો આજે આનંદ થાય છે. તેમની પર્યાવરણના જતન અને સંવર્ધનની આ પ્રવૃતિ માટે સો સો સલામ.

**જળસંચય અભિયાન :** આજે તેમનું નૂતન કાર્ય એટલે વોટર હાર્વેસ્ટિંગ, એટલે કે વરસાદી વહી જતાં પાણીને એકઠું કરી જમીનમાં ઉતારવું એ છે. ચોમાસાની સિઝન માથે તોળાઇ રહી છે ત્યારે ઉનાળામાં તેઓએ તેની તૈયારી કરી દીધી હતી. ખુલ્લી જગા, વનવિભાગ, શાળા પરિસર, ગ્રામ્ય ગૌચર વગેરેમાં લોકો, ખેડૂતો, પ્રકૃતિ ચાહકોને સાથે રાખી જમીનમાં ૧ ઈંચના ખાડા કરાવી, વહી જતા વરસાદી જળને સંચય માટે સુંદર આયોજન ઘડી રાખ્યું છે. આ ઉપરાંત જે તે શાળામાં પોતાની અગાસીનું પાણી સ્ટોરેજ કરવું હોય અથવા જમીનમાં ઉતારવુ હોય તો તે માટે સર્વે કરે છે અને જરૂરિયાત મુજબ વોટર હાર્વેસ્ટિંગ માટે દાતાઓ પાસેથી અનુદાન લઈ તેનો સીધો લાભ શાળાને મળે તેવું તેમનું આયોજન છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પણ જળ એ જીવન છે, એ સંસ્કાર સિંચન થાય તે માટે તેમને પ્રેરણા અને માર્ગદર્શન પણ આપે છે.

**સામાજિક સહયોગિતા :** તેમનું કાર્યક્ષેત્ર માત્ર પશુ-પક્ષી, પ્રાણી, વનસ્પતિ, જીવજંતુ પૂરતું જ સીમિત ન રહેતાં તેમનું અનુકંપી હૃદય ગામડાગામના નાનાં ખેડૂતો માટે ગૃહઉદ્યોગ અને ખેતમજૂરો માટે પણ એટલું જ સહાયરૂપ બને છે. ભટ્ટ સાહેબ તેઓ માટે સોલાર ફાનસ દાતાશ્રીઓ પાસેથી મેળવી આપે છે, તેમના બાળકો શિક્ષણ માટે વ્યવસ્થા પણ કરી આપે છે, તેમને પશુપાલન અને ખેતીના સાધનોની સહાય કઈ રીતે મળે તેનું માર્ગદર્શન પણ તેઓ આપે છે.

**અનોખુ સંગ્રહાલય :** કોઈને વાસણો, ભરતગૂંથણ, ટપાલ ટિકિટ, જૂનું રાચરચીલું અને જૂના સિક્કાનો સંગ્રહ કરવાનો શોખ હોય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન અપ્રાપ્ય અને દુર્લભ પુસ્તકોનો જો સંગ્રહ જોવો હોય તો તમારે ભટ્ટ દાદાનો સંપર્ક કરવો પડે. જે પુસ્તકો રદ્દીમાં ફેંકી દીધા હોય, ઊધઈ કોરી ખાતી હોય વર્ષોથી ગ્રામ પંચાયત અને શાળાઓના કબાટમાં ભંડારીને રાખી હોય તે ભલે જર્જરિત બની હોય પરંતુ જેનું સાહિત્યિક

મૂલ્ય અમૂલ્ય હોય તેને શોધી, સ્કેન કરવી, કે ઝેરોક્ષ કરીને સંભાળવાની સૂઝબૂઝ કિશોરભાઈ ભટ્ટ પાસેથી શીખવા જેવી ખરી. પસ્તીવાળાને કહી રાખે આવું સાહિત્ય કે પુસ્તકો તમારી પાસે મળે તો રાખવા, મને ફોન કરવો હું તમારી પાસેથી લઈ જઈશ. ભાળ મળે રાજકોટ, અમદાવાદ, સુરત કે ફલાણી જગાએ પુસ્તક રસિક પાસે આ સાહિત્ય છે તો ત્યાં પહોંચે અને ઝેરોક્ષ કરાવે. ગુજરી બજારમાં ભાળ મળતા ત્યાં પહોચે. એન્ટિક ગણાતા આ પુસ્તકો કોઈ ખજાનાથી કમ મૂલવી ન શકાય. રસ ધરાવતા શિક્ષકોને તેઓ વાંચવા આપે, ઝેરોક્ષ માટે આપે. સાહિત્યનું આવું બેનમૂન કામ કોઈ પણ માટે પ્રેરણાનો વિષય બને છે.

આ કાર્ય તેઓ ૧૯૮૦થી કરતાં આવે છે. આજે તેઓની પાસે ૨૦૦-થી ૨૫૦ પુસ્તકોનો સંચય છે. જે સાહિત્યની ખૂબ મોટી સેવા ગણી શકાય. આ ઉપરાંત ટપાલ ટિકિટ, જૂના સિક્કાઓ, પોસ્ટકાર્ડ અને જુદા જુદા વનસ્પતિ બીજનું અદ્‌ભુત કલેક્શન નિહાળવું હોય તો તેઓની મુલાકાત અચૂક કરશો. આવો દુર્લભ સાંસ્કૃતિક વારસો જાળવનાર ભટ્ટ દાદાનું માનવું છે કે જો આ દુર્લભ ગણાતું સાહિત્ય, વસ્તુઓ, આમ જ રફે દફે થઈ જશે, ધૂળમાં મળી જશે તો આવનારી પેઢી આ જ્ઞાનથી વંચિત રહી જશે.

સેવાનિવૃત્ત હોવા છતાં પ્રકૃતિ, પર્યાવરણ-જીવ-જંતુઓ વનસ્પતિઓના જતન અને સંવર્ધનનું આવડું મોટું કાર્ય કરનારને ઓળખવામાં સમજવામાં, તેને સમાજ અને સરકાર તેમજ શિક્ષિત વર્ગ સામે લાવવામાં આપણે ગોથું ખાઈ ગયા હોઈએ કે મોડા પડ્યા હોઈએ તેનો અહેસાસ થાય છે. શું તેમનું આ કાર્ય શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વિજેતાને પણ આંટી મારે એવું નથી!... આપણે સારસ્વતોએ કોઈ ખૂણે ખાંચરે પોતાની પૂર્ણ નિષ્ઠા અને ભક્તિથી આવા અનેક સેવાનિવૃત્ત શિક્ષકો કાર્ય કરી રહ્યા છે, તેઓને શોધીએ, જાહેરમાં સન્માનિત કરીએ તો, તેઓને પણ થશે કે અમારા નિસ્વાર્થ કાર્યની કોઈએ નોંધ લીધી છે. આમ કરવાથી તેમને આનંદ થશે અને તેઓ વધુ ઉમળકા સાથે કાર્ય કરવા પ્રેરિત બનશે અને આખરે તો સૃષ્ટિનું જ ભલું થશે ને. આવો, આપણે તેમની આ સેવા નિવૃત્ત પ્રવૃતિને સમજીએ, સહકાર આપીએ. તેઓની વાત સમાજ સામે ધરીએ, એ પણ એક પ્રકારનું સેવાકીય કાર્ય જ છે ને. શ્રી કિશોરભાઈ ભટ્ટનું આ કાર્ય વધારેને વધારે સહુને પ્રેરિત કરતું રહે, તેમનું આરોગ્ય નીરોગી રહે અને તેઓ પર્યાવરણના જતન સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ રહે એ જ શુભ ભાવ સહ શ્રી કિશોરભાઈ ભટ્ટને શત શત વંદન... **// પ્રકૃતિ દેવો ભવ //**

## હું એક શિક્ષક...

**સંજય આર. તલસાણીયા**

**હું એક શિક્ષક શાળા મધ્યે આખું ગામ લઈને બેઠો છું,**
**ગર્વથી કહું છુ ભાવિ ભારતને ઘડવા હું અહીં બેઠો છું,**
**રાગ-દ્વેષ, ભેદ-ભાવ અને વધ્યા નાત-જાતના વાડા**
**મત ભેદ જ નહીં દોસ્ત ! મન ભેદ ભાંગવાં હું બેઠો છુ,**
**ચહું દિશ વ્યાપ્યા લાંચ-રૂશ્વત, અકર્મણ્યતા-અપ્રામાણિકતા**
**એવે ટાણે ગાંધી-ગૌતમ-સરદાર-સુભાષનો સાદ લઈ બેઠો છું,**
**વિસરાઈ રહ્યા છે ભવ્ય ભારતના દયા પ્રેમ અને કરુણા**
**વિશ્વ બંધુત્વને વિશ્વ માનવની વાત નિરાળી લઈ બેઠો છું,**
**ઈન્ટરનેટ ને એરપ્રૂફ સજ્જ વર્ગખંડની મારે શી જરૂર ?**
**સાદગી-સંયમ, શિસ્ત-શીલ, સંસ્કાર લઈ હું અહીં બેઠો છું,**
**જળ-જમીન અને હવા પ્રદુષિત, પિગાળ્યા ગ્લેશિયર્સ પહાડ**
**શાળા મધ્યે, વૃક્ષ-પશુ-પક્ષી સંગ ગોઠડી કરવા હું બેઠો છું,**
**માન-સન્માન ને પદ-પ્રતિષ્ઠા, છો ન મળે ઈલકાબ !**
**શાળા મારી મક્કા મદીના અને ચાર ધામ સમજી બેઠો છું.**

# નૈતિક શિક્ષણ એક અંગ શિક્ષણનું

**ચંદ્રવદન વ્યાસ**

નિવૃત્ત ઉપાચાર્ય, બી-૪, મનાલી પાર્ક, બોડકદેવ, અમદાવાદ-૧૫.
મો. ૯૬૨૪૯૧૩૧૮૦

**પ્રસ્તાવના :**

આજના શિક્ષણ જગતમાં ડોકિયું કરીએ તો આપણને નથી લાગતું કે આપણે પથભ્રષ્ટ થયા હોઈએ. આપણે પાશ્ચાત્ય અનુકરણ કર્યું. પરિણામે ઋષિમુનિઓએ ચીંધેલા માર્ગેથી ચ્યૂત થયા હોઈએ એવું ભાસે છે. સા વિદ્યા યા વિમુક્તેની ભાવના હ્રાસ પામી છે. પંચમુખી શિક્ષણ વિભાવના ભૂલી ગયાં છીએ. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તો તે પૂર્ણ માનવ બને. મા કૂખે જન્મ લેવાથી માનવ નથી થવાતું. હ્યુમન બીઈંગ થવાની સાધના-પ્રક્રિયા એટલે શિક્ષણ. શિક્ષણ ઘડતર અને ચણતરની પ્રક્રિયા છે. પ્રથમ પાંચ વર્ષ ઘરમાં કૌટુંબિકજનો વચ્ચે રહી ઘર વિદ્યાલય સમજી વિકાસ સાધવાનો. છ વર્ષથી પંદર વર્ષ પૂર્વજોએ નિશ્ચિત કરેલ વિદ્યાલયનું શિક્ષણ જેમાં વિદ્યાર્થીનો શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક અને આધ્યાત્મિક વિકાસ સાધવાનો છે. વર્તમાન પરિપ્રેક્ષમાં SQ-IQ-EQ સ્પિરિચ્યુઅલ, ઈન્ટેલિજન્સ અને ઇમોશનલ એ'ડજ્યુકેશન વધારવા સિવાય બીજો કોઈ ઈલમ નથી. મનુષ્ય અવતાર દુર્લભ છે. સંવેદનશક્તિ અને સ્મૃતિશક્તિ મનુષ્યને ઈશ્વરે આપેલી છે. એના દ્વારા જ માવનજીવન પૂર્ણ બની શકે.

શિક્ષક શબ્દ શિક્ષા પરથી આવ્યો. જે બાળકને શીખવી શકે, જ્ઞાનની નવી ક્ષિતિજોને આંબવા પ્રેરી શકે તે શિક્ષક. **શિ**સ્ત, **ક્ષ**મા અને **ક**રુણાની મૂરત એટલે શિક્ષક; કેળવણી શબ્દ કેળવવા પરથી આવ્યો. બાળકને જીવનજીવવાની તેની ઊર્મિઓ ને ક્રિયા જે સહજ રીતે કરી શકે તે શિક્ષક. આથી શિક્ષક જીવન ઘડતર કરનાર સર્વોત્તમ શિલ્પી છે. પૂર્વે બાળકને ગુરુકુળમાં મૂકી મા-બાપ નિશ્ચિંત થઈ જતાં. ગુરુકુળનો છેદ ઊડતાં સંકુચિતતા નિર્માણ થઈ. આજનો માનવી કવિ પ્રિયકાંત મણિયારે કહ્યું છે તેવો થઈ ગયો છે

*"પોસ્ટના પરબીડિયા જેવું ઘર છે મ્હારું,*
*ને સ્ટેમ્પ જેવી બારી;*
*એક છાપાની હજાર પ્રતસમા,*
*મ્હોરાં પહેરી ફરીએ છીએ આપણે."*

આજે જીવનનું ચૈતન્ય આવી ગયું છે. સંસ્કૃતિના ચિરંતન સ્તંભો દીવાદાંડી સમા હતા. તે જાણે કે હોલવાતા લાગે છે. સાર્વત્રિક છિન્ન ભિન્ન કે અસ્ત વ્યસ્તતા ભાસે છે. મને એક કાવ્ય પંક્તિ યાદ આવે છે :

*"ઓચિંતો ફ્યૂઝ જતાં મારા માળામાં અંધારું ધબ*
*કોઈકે બૂમ પાડી કહ્યું અલ્યા નરસિંહ,*
*નાનક, તુલસીદાસ, રહીમ ક્યાં ?*
*કોઈ ઈલેક્ટ્રિશિયનને તો બોલાવો,*
*મીરાંએ સ્વસ્થ થઈ કહ્યું ગિરિધર ગોપાલને*
*ઈલેક્ટ્રિશયન આવે ત્યાં સુધી મીણબત્તી તો લાવો*
*ત્યારથી મારા દેશમાં ચાલી મીણબત્તીની શોધાશોધ."*

પશ્ચિમી આક્રમણ સામે આપણે આપણું અસ્તિત્વ ખોઈ બેઠાં છીએ. તેને માર્ગદર્શન કોણ કરશે. આપણી વિદ્યાપીઠો, વિદ્યાલયો. આ સંદર્ભમાં નૈતિક શિક્ષણ moral education જે code of conduets છે તે શેમાંથી મળે ? આપણી શ્રુતિ-સ્મૃતિ-સંહિતા-વેદ- ઉપનિષદ જ્ઞાનના અગાધ ભંડાર છે. જેમાંથી નીતિમત્તાનું શિક્ષણ મળી રહે છે. moral-morality, ethical principles - mors અને ethos માંથી મળી રહે છે. નીતિ-શિક્ષણ = નૈયતિ જે અભ્યુદય, શ્રેયસ્કર માર્ગે આગળ ધપાવે તે નીતિ શિક્ષણ. નીતિશાસ્ત્ર, હિતોપદેશ, પંચતંત્રમાંથી નૈતિક શિક્ષણ મળી રહે છે. જે આપણા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પર આંતરિક અસર કરી વિદ્યાર્થીને વ્યવહારિક, આધ્યાત્મિક

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)

# સફળતાના મંત્ર

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

પૂર્વ નિયામક : લોકભારતી
૨૦૨, ઓર્કિડ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા,
સમા, વડોદરા-૨. મો.: ૯૪૨૬૪૬૧૦૯૦

**પ્રારંભિકઃ**

વિદ્યાર્થી મિત્રો,

તમારી તીવ્ર કામનાઓ સાથે પુરુષાર્થના સમન્વય દ્વારા પ્રાપ્ત થતી 'સ્વ'ની ઉપલબ્ધિ એટલે સફળતા. જયારે કોઈપણ સાધ્ય સિદ્ધ કરવા માટેના વિધિપૂર્વક, સાતત્યપૂર્ણ, શક્તિદાયી શબ્દો એટલે 'મંત્ર'.

ચાલો હવે આપણે તપાસીએ સફળતાના છ મંત્રોને :

૧. નિશ્ચિત, સ્પષ્ટ અને વાસ્તવિક ધ્યેયનું નિર્ધારણ.
૨. સમયપાલન અને એકાગ્રતા
૩. હકારાત્મકતા-વિધેયાત્મકતા
૪. આત્મવિશ્વાસ
૫. નિષ્ફળતા એ પરાજય નથી. હિંમત અને હામ આપણા મિત્રો છે.
૬. ખોરાક, ઊંઘ, વાણી પર સંયમ.

**(૧) નિશ્ચિત, સ્પષ્ટ અને વાસ્તવિક ધ્યેયનું નિર્ધારણ :**

*'સાવ અમારી જાત અલગ છે.*
*કરવી છે તે વાત અલગ છે.*
*સૂતેલાના સ્વપ્ન અલગ છે*
*ને જાગે તેની રાત અલગ છે.'*

સફળતાનું પ્રારંભબિંદુ છે અદમ્ય આકાંક્ષા. માત્ર ઈચ્છા કોઈ પરિણામ લાવી શકતી નથી પણ સળગતી મહત્ત્વાકાંક્ષા આપણી અંદર રહેલ પ્રચંડ ઊર્જાઓને આયોજનબદ્ધ, એકાગ્ર, સંવાદી અને પરિણામલક્ષી બનાવે છે. આ આકાંક્ષાનું બીજું નામ છે ધ્યેય. બીજા કોઈનાથીયે અંજાયા વિના આપણી ક્ષમતા, શક્તિ, મર્યાદાઓ પારખીને, કુટુંબની આર્થિક-સામાજિક પરિસ્થિતિ, કદ, જવાબદારી લક્ષ્યમાં રાખીને નિશ્ચિત, સ્પષ્ટ અને વાસ્તવિક ધ્યેય નક્કી કરો. આપણી પાસે આવતીકાલનો કાર્યક્રમ, રોડમેપ, યોજના હશે તો અવશ્ય પ્રગતિના પંથે પ્રયાણ કરી શકાશે. ક્યાં અને ક્યારે જન્મવું એ આપણા હાથની વાત નથી. તે કાબૂ બહારની ઘટના છે. આપણું શરીર, મા-બાપ કે તેમના મા-બાપની આનુવંશિકતા ઉપર આધાર રાખે છે પણ ધ્યેયને કારણે શરીરના જીન્સ ઉપર મનના જીન્સનો વિજય પ્રાપ્ત થાય છે. ધ્યેય આપણા સંકલ્પ, ઉત્સાહ, જીજ્ઞાસા, જવાબદારી, શક્તિ અને સાહસને જન્મ આપે છે. નક્કી કરેલ ધ્યેયને લખી રાખો. લખેલ ધ્યેય દરરોજ ઊઠીને વાંચો. અને પછી તેના સપનાં જુઓ. આપણા અર્ધજાગ્રત મનમાં ધ્યેયની છબી, બ્લૂપ્રિન્ટ સ્થાપી દો. ધ્યેય આપણા પ્રયત્નોને ચાલકબળ પૂરા પાડે છે.

અમરેલી જિલ્લાના સાવરકુંડલા ગામના સામાન્ય પરિવારના નટવર ગાંધીએ લક્ષ્ય નક્કી કર્યું હતું અમેરિકન સરકારમાં ઉચ્ચઅધિકારી પદે બિરાજમાન થવાનું. એકલશુરા નટવરભાઈ દોરી-લોટો લઈને મુંબઈ પહોંચે છે. ટીચાય છે, ટીપાય છે. નોકરી કરતા કરતા સિડનમ કૉલેજના સ્નાતક થાય છે. ખંડ સમયની સેવાઓ દ્વારા કમાણી કરીને અમેરિકાની એટલાન્ટા યુનિવર્સિટીમાં પ્રોફેસર પદ પ્રાપ્ત કરે છે. ડૉક્ટરેટ થઈ જાય છે. અને હવે અમેરિકન નાગરિકત્વ મળી જતાં ડિસ્ટ્રિક્ટ ઑફ કોલંબિયા વોશિંગટનના ચીફ ફાઈનાન્સિયલ ઑફિસરના શિખર પર આરૂઢ થઈ જાય છે. વિશ્વબેંકના સલાહકાર બને છે. કવિ નટવરભાઈની પંક્તિ છે : 'અહીં ઊઘડી આંખ, પાંખ પ્રસરી, ઊડ્યો આભ હું.' વિશેષ અભ્યાસ માટે વાંચો તેમની આત્મકથા 'એક અજાણ્યા ગાંધીની આત્મકથા' ઈમેજ પબ્લિકેશન.

**(૨) સમયપાલન અને એકાગ્રતા :**

સમયનું આયોજન અને શિસ્તબદ્ધ પાલન એ સફળતાની પ્રમુખ ચાવી છે. શક્તિનો સ્રોત છે જ્ઞાનનો

ફુવારો છે. સમય અંગે રોબર્ટ ફ્રોસ્ટની એક પ્રસિદ્ધ રચનાનો હરીવંશરાય બચ્ચને જે અનુવાદ કર્યો છે તે ચાર પંક્તિના શબ્દો ધ્યાનપૂર્વક વાંચવા જેવા છે.

*'ગહન, સઘન, મનમોહક,*
*બન તરુ મુઝકો આજ બુલાતે હૈ.*
*કિન્તુ કિયે જો વાદે મૈને,*
*યાદ મુઝે આ જાતે હૈ.'*

ટી.વી. કે મોબાઈલ જેવા ઉપકરણો આપણને સતત આમંત્રણ આપ્યા કરે છે પણ ધારેલા સમયમાં જો આપણે સફળતા હાંસલ કરવી હોય તો અભ્યાસની કક્ષા-ગાળો ધ્યાનમાં રાખીને સમયના શ્રેષ્ઠ ઉપયોગ માટે ટૂંકા અને લાંબા ગાળાનું આયોજન ઘડી કાઢવું જોઈએ. ગાંધીજીએ વકીલાતના ગાળા દરમિયાન ગીતાજી કંઠસ્થ કરવાનું નક્કી કર્યું. દરરોજ સવારે બ્રશ કરતી વખતે દીવાલ ઉપર ચીપકાવેલા કાગળમાં લખેલા શ્લોકો વાંચીને તેમણે ત્રણ અધ્યાય પાકા કરી લીધા. કવિ લોંગ ફેલોએ કૉફી બનાવતી વખતે મળતી દસ મિનિટનો ઉપયોગ કરીને તેમની પ્રસિદ્ધ કૃતિ 'ઈન્ફરનો' તૈયાર કરેલી.

વાંચન સ્વાધ્યાય માટે સમયની જે ફાળવણી થઈ હોય ત્યારે એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરીએ. સૂર્યના કિરણોને કોઈ એક બિંદુ ઉપર કેન્દ્રિત કરવાથી જેમ પ્રચંડ ઊર્જા પેદા થાય છે તેમ એક જ સમયે અભ્યાસ પર મન સંકેન્દ્રિત કરવાથી ધારેલા પરિણામો મળે છે. વાંચનના સમય દરમિયાન કોઈને ન મળીએ કે વાચનખંડમાં વ્યવસ્થિત ગોઠવેલી વાચન સામગ્રી જેવા નાના નાના મુદ્દાઓ પણ સમયનું 'મૂલ્ય' વધારી આપે છે. સંપત્તિ, સત્તા, સ્વાસ્થ્ય કે શબ્દો માટે જે કાળજી આપણે રાખીએ છીએ તેવી ગંભીરતા સમયપાલન માટે હશે તો ગમે તેવા અવરોધોની વચ્ચે પણ મંજિલ સુધી પહોંચી શકીશું. યાદ રાખીએ સમય એ લોહી છે. જેમ લોહી સમગ્ર શરીરમાં પરિભ્રમણ કરીને ઈન્દ્રિયો - મનને સ્વસ્થ-તાજા-નિરોગી રાખે છે તેમ સમય વ્યવસ્થાપનને 'યોગ' માનીશું તો આપણી આજ અને આવતીકાલને પ્રકાશવંત બનાવી શકીશું.

**(૩) હકારાત્મકતા-વિધેયાત્મકતા :**

દરેક મનુષ્યને એક દિવસમાં ૬૦૦૦૦ જેટલા વિચારો-તરંગો આવે છે. કોઈપણ પ્રસંગ ઘટના વિષે આપણે બોલીએ છીએ - સાંભળીએ છીએ કે વાંચીએ છીએ ત્યારે આપણું મગજ એક સેકંડના હજારમાં ભાગ જેટલી ગતિએ, મગજમાં આવેલા કોષ-ન્યુરોન્સ વચ્ચે રાસાયણિક પ્રક્રિયા કરીને વિચારોનું અર્થઘટન કરે છે અને પછી શરીરના વિવિધ ભાગો - ઈન્દ્રિયો - મનને પ્રતિક્રિયા કરવાનો આદેશ આપે છે. આ અર્થઘટન પૂર્વજો, માતા પિતા-પરિવારના સંસ્કાર, સામાજિક - શૈક્ષણિક પર્યાવરણ ઉપર અવલંબિત હોય છે. વ્યક્તિ પોતે પ્રેરક વાચન-સત્સંગ-આત્મબળ દ્વારા દઢ નિશ્ચય સેવીને હકારાત્મક બની જાય તો તેના કારકિર્દી ઘડતર માટેના તમામ પ્રયાસો કારગત નીવડે છે. મનના મૅનેજમેન્ટ દ્વારા સ્થાપિત હકારાત્મકતાથી વિધાયક વિચારોનું કેન્દ્રીકરણ થઈ જતા અસાધારણ-પ્રભાવશાળી ફોર્સ પેદા થાય છે. વ્યક્તિ આનંદી, ઉત્સાહી, શાંત, નિર્ભય આત્મવિશ્વાસથી સભર, શ્રદ્ધાવાન, પ્રજ્ઞાવાન બની જાય છે. મનુષ્યના વલણ-વર્તન-માન્યતા-કલ્પનાશક્તિ - દરેક પરિબળો સર્જનાત્મક બને છે. હતાશા-નિરાશા-વિષાદને કોઈ સ્થાન રહેતું નથી અને ધારેલા ટાર્ગેટને સિદ્ધ કરવામાં આપોઆપ સફળતા પ્રાપ્ત થઈ જાય છે.

બ્રહ્માંડની ઉત્પત્તિ-નિર્માણ ક્ષેત્રે, ઈંગ્લૅન્ડના વિશ્વવિખ્યાત સંશોધક, ગણિતજ્ઞ, ખગોળવૈજ્ઞાનિક જેનું શરીર પૃથ્વી ઉપર અને મન, બુદ્ધિ, હૃદય બ્રહ્માંડમાં ભ્રમણ કર્યા કરે છે તેવા સ્ટીફન હોકિંગ (જન્મ : ૮-૧-૧૯૪૨)૨૧ વર્ષની વયે મોટર ન્યુરોન નામ અસાધ્ય બીમારીનો શિકાર બન્યા હતા. શરીરના સ્નાયુઓ અનિયંત્રિત થઈ જતા ચાલવા-બોલવા કે ખોરાક લેવા માટે તેઓ અસમર્થ બની ગયા હતા પણ હકારાત્મકતાને કારણે તેમના મન-બુદ્ધિને કંઈ અસર થઈ નહોતી. ઑક્સફર્ડ

યુનિવર્સિટીમાંથી કોસ્મોલૉજી વિષય સાથે તેઓ પ્રથમ વર્ગમાં ગ્રેજયુએટ થયા. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી બ્રહ્માંડ અને બ્લેકહોલમાંથી વિકિરણ ઉત્સર્જન - વિષય ઉપર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. તેમનું પુસ્તક 'એ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઈમ' સૌ વિદ્યાર્થીઓએ મનન કરવા જેવું છે.

**(૪) આત્મવિશ્વાસઃ**

હકારાત્મકતાનો સાથીદાર છે 'આત્મવિશ્વાસ' આપણા જાદુઈ જાગ્રત-અજાગ્રત મનની અપાર શક્તિઓને પૂરેપૂરી ઓળખી લઈએ અને પછી તે મનમાં આત્મશ્રદ્ધાનું વાવેતર કરી દઈએ. આપણી પાસે જુદા જુદા વિષયોનું અઢળક સાહિત્ય હશે પણ તેની સાથે જ આપણી સફળ થવાની ક્ષમતામાં નિઃશંક શ્રદ્ધા હશે તો લક્ષ્યાંકને આંબી જતા કોઈ અટકાવી શકાશે નહીં.

આત્મવિશ્વાસનો પરમ શત્રુ છે 'ભય'. આપણે કોઈ પરીક્ષામાં સંજોગોવશાત નિષ્ફળ ગયા ત્યારે પરિવારના સભ્યો-મિત્રો આપણને ઉતારી પાડતા હોય છે ત્યારે ક્ષુબ્ધ થયા વિના સંપૂર્ણ આશાવાદથી આગળ વધ્યા કરીશું તો સફળતા શબ્દને અવશ્ય સાર્થક કરી શકીશું.

ભારતીય એર ફોર્સમાં સૌ પ્રથમ વરિષ્ઠ મહિલા ઑફિસર - વાઈસ એરમાર્શલ બનવાનું શ્રેય પદ્માવતી બંદોપાધ્યાયને મળ્યું છે તેનું રહસ્ય છે તેમની ધ્યેયનિષ્ઠા, પડકારો ઝીલવાનું સામર્થ્ય અને અપાર આત્મવિશ્વાસ. કારગીલના યુદ્ધ સમયે માઈનસ ૩૦ ડિગ્રીમાં તેઓ કામ કરતા હતા. અપ્રતિમ શૌર્યને પરિણામે તેઓ સન્માનજનક સ્થાને પહોંચી શક્યા છે.

**(૫) નિષ્ફળતા એ પરાજય નથી : હિંમત અને હામ આપણા મિત્ર છે.**

સફળતાના વિચારોએ જ્યારે આપણા મનનો કબજો લીધો હોય ત્યારે ક્યારેક દેખાતી - અનુભવાતી અસફળતા અસહ્ય, અરુચિકર, નિરાશાજનક જણાય છે પણ વાસ્તવમાં નિષ્ફળતા એ પરાજય નથી. તેને અવળા ગ્રહો, ભાગ્ય કે પૂર્વજન્મના કર્મોનું ફળ માનવાની જરૂર નથી. આપણા સંજોગો, પરિસ્થિતિ, ભૂલો કે મર્યાદાઓનું તે પરિણામ હોય છે. ભૂતકાળમાંથી લાભદાયી બોધપાઠ મેળવીએ. પણ તેને બોજ બનાવીએ નહિ. ભૂતકાળ વર્તમાનને બદલી શકતો નથી કે ભવિષ્ય પર તેનો કોઈ પ્રભાવ હોતો નથી. પ્રત્યેક સૂર્યોદય આપણામાં નવી પ્રેરણાનો સંચાર કર્યા કરે છે. નિષ્ફળતા અંતિમ નથી. તે અલ્પકાલીન હોય છે. જ્યાં સુધી નક્કી ન કરીએ કે આપણે હાર્યા છીએ ત્યાં સુધી આપણે ખરેખર હાર્યા હોતા નથી અને વળી ક્યારેક આપણે અહંકારમુક્ત રહી શકીએ તે માટે ય કુદરત નિષ્ફળતાનો અનુભવ કરાવે છે. સફળ થવા આપણે પૂરા સમર્થ જ છીએ એટલે વિચારો અને ક્રિયાઓને ચકાસી વ્યવસ્થિત બનાવીએ. આયોજનમાં રહેલી ઊણપો સુધારી લઈએ. ડરી ગયા વિના પડકારોને સચોટપણે ઝીલીએ પછી આપણને સફળતાની સીડી ચડતા કોઈ રોકી શકશે નહીં.

અસફળતા સમયે આપણી લાગણીઓ ખાસ કરીને ક્રોધ, ઈર્ષા ઉપર કાબૂ મેળવી લેવો આવશ્યક છે. મનનું સમતોલન રાખવું જરૂરી છે. આપણે ગુસ્સો કરીએ છીએ ત્યારે મગજમાં એડ્રેનાલીન નામના હોર્મોન્સનો સ્ત્રાવ વધી જાય છે. તે આપણા મન, પાચનતંત્ર અને હૃદય ઉપર નકારાત્મક અસરો કરે છે. નિષ્ફળતા સમયે આપણી ઊર્મિઓ પર સ્વનિયંત્રણ મેળવી શારીરિક, માનસિક સ્વસ્થતા જાળવી રાખવી જોઈએ. બીજા વિશ્વયુદ્ધ સમયે જર્મનો, લંડન શહેર ઉપર બોમ્બમારો કરી રહ્યા હતા ત્યારે તે સમયના વડાપ્રધાન વિન્સન્ટ ચર્ચીલને ભારે ગુસ્સો આવવા લાગ્યો. તેઓ મન ઉપર અંકુશ રાખવા ઘરમાં મંગાવી રાખેલા લાકડા કુહાડીથી ફાડવા લાગી જતા !

**(૬) ખોરાક, ઊંઘ, વાણી ઉપર સંયમ :**

આપણા શરીરનો પ્રત્યેક કોષ ચેતનાથી ભરેલો છે. તેઓ એકબીજાને સતત માહિતીનું આદાન પ્રદાન કરતા રહે છે. શરીર માટેની કોઈ પણ પ્રકારની બેદરકારી, જુલમ

કે આળસ શરીર દ્વારા જ સમજાય છે માટે સફળતા માટે શરીરની કાળજી ખૂબ જ મહત્ત્વની છે. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન અને પ્રાણવાન પ્રાણ વસતા હોય છે. સાદો, સંયમિત, પ્રમાણસર અને નિયમિત ખોરાકનું યોગ્ય રીતે પાચન થઈ જાય છે. સરસ ઊંઘ આવે છે. વહેલી સવારે ઊઠીએ ત્યારે સ્ફૂર્તિ હોય છે. દિવસનો પ્રારંભ પ્રસન્નતાથી થાય છે. આપણે ખાવા માટે જીવતા નથી જીવવા માટે ખાઈએ છીએ એટલે સંયમિત ખોરાકથી મન ઉપર કાબૂ વધશે. મન વધુ શક્તિશાળી બનશે અને પરિણામે ધ્યેય સિદ્ધિમાં સફળતા પ્રાપ્ત થશે.

ખોરાકની સાથે જ ઊંઘ પર સંયમ જરૂરી છે. વધારે કે ઓછી ઊંઘ ને પરિણામે એકાગ્રતાથી, ઝીણવટથી, કાળજીથી અભ્યાસ થઈ શકતો નથી પરિણામે પરીક્ષાના સમયે ઉજાગરા વેઠવા પડે છે. અભ્યાસ પૂરો કરવા માટે અથાગ પરિશ્રમ કરવાની ફરજ પડે છે. યોગ્ય ઊંઘથી આત્મવિશ્વાસ વધે છે, કાર્યદક્ષતા વિકસે છે. અભ્યાસ માટે પર્યાપ્ત સમય મળે છે. ખોરાક અને ઊંઘની જેમ જ વાણી પણ સાચવીને વાપરવાની છે. વાણી પર સંયમના અભાવે આપણે ખોટી જગ્યાએ ડંફાસો મારીએ છીએ તેની વિપરીત અસર સફળતાના પ્રયત્નો પર થાય છે. નકામા વાદ-વિવાદ, બિનજરૂરી તર્ક-વિતર્કને કારણે આપણી શ્રદ્ધા ઘટે છે. બીજાના વિચારોના પ્રભાવ હેઠળ આવી જવાય છે. ખપ પૂરતું બોલીએ અને યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ સમક્ષ જ રજૂઆત કરીએ. વાણી અને પાણી સાચવીને જ વપરાય. વાણી પરનો સંયમ શક્તિનો સંચાર કરે છે. સહિષ્ણુતા વધારે છે. મનને કેન્દ્રિત કરે છે તેથી સફળતાને ગતિ પ્રાપ્ત થાય છે.

**સમાપનઃ**

સફળતાના આ તમામ મંત્રો પરસ્પર પૂરક છે. તેને બરાબર સમજીએ, રટણ કરીએ, આત્મસાત કરીએ અને પછી આચરણમાં ઉતારીએ. તેની સાથે જ માહિતી-જ્ઞાનના સંચય દ્વારા સજ્જતા વધારતા જઈએ, સ્વજાગૃતિ સાથે સ્વતપાસ કરીએ. માનસિકતા, વલણ-વર્તન-વ્યવહારને વિધાયક બનાવીએ, સર્જનાત્મક અભિગમ વિકસાવીએ. નિયમિત વ્યાયામ, કસરત, યોગાસન, પ્રાર્થના, ધ્યાન દ્વારા શરીર-મનની કેળવણી કરતા રહીએ તો નિશ્ચયપણે અર્જૂનથી માંડીને અબ્દુલ કલામની જેમ ધારેલા લક્ષ્યને આપણે સિદ્ધ કરી શકીશું.

*"ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહીં,*
*એજ આરસપ્હાણ નિજ પર શિલ્પને ધારી શકે."*

**(સૌજન્ય : કારકિર્દી માર્ગદર્શન. વિશેષાંક : ૨૦૧૮ ગુજરાત સરકાર)**

## નૈતિક શિક્ષણ એક અંગ શિક્ષણનું

શિક્ષણ આપી પૂર્ણ બનાવવા પ્રયત્ન કરે છે. સાચા અર્થમાં સા વિદ્યા યા વિમુક્તેની ભાવના ચરિતાર્થ કરી આપે છે. નીતિનો સંબંધ હૃદય, ભાવના અને ઊર્મિઓ સાથે છે. વડીલોને આદર, મૈત્રી, સન્માન જેવા સદ્‌ગુણો ખીલવવાનું કાર્ય નીતિ શિક્ષણનું છે. નીતિ શિક્ષણ દ્વારા આપણી સંસ્કૃતિ તરફ ભાવ જાગે અને અંતિમ ધ્યેય ચરિત્ર નિર્માણનું સાકારિત થઈ શકે. વિચારવાન નાગરિકો તૈયાર કરવાનું કામ નીતિ શિક્ષણનું છે. નીતિ શિક્ષણ દ્વારા રાષ્ટ્રપ્રેમ જાગૃત કરી શકાય. નીતિ શિક્ષણને જીવનનો ધોરી માર્ગ બનાવીએ તો ઉત્તમ નાગરિકો નિર્માણ થઈ શકે. આજે સાર્વત્રિક માનવ મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. ભ્રષ્ટાચારનો ભોરિંગ ભરડો લઈ રહ્યો છે. ટી.વી. ચેનલોના આક્રમણ અને મોબાઈલ, ઈમેલની દુનિયામાં બાળક ગુમરાહ થઈ રહ્યો છે ત્યારે નિશ્રેયસ્કર-અભ્યુદયનું શિક્ષણ કોણ આપી શકશે ? મને તો નીતિ શિક્ષણ એક માત્ર ઉપાય સૂઝે છે. અત્રે એક પંક્તિ ટાંકી લઉં -

*"નિર્માણોં કે પાવન યુગ મેં હમ ચરિત્ર નિર્માણ ન ભૂલેં*
*સ્વાર્થ સાધના કી આંધી મેં સંસ્કૃતિકા સન્માન ન ભૂલે*
*શીલ, વિનય, આદર્શ શિષ્ટતા તારબીના મંઝર નહીં,*
*ભૌતિકતા કે ઉત્થાનોમેં રસ ચરિત્ર નિર્માણ ન ભૂલે."*

**(નોંધ : પ્રસ્તુત ચિંતન નિવૃત્ત કુલપતિ શ્રી નરેશ વેદના પ્રવચનને આધારે તૈયાર કર્યું છે.)**

# ઉચ્ચ શિક્ષણ અને સમાજ નિર્માણની અપેક્ષાઓ

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૬૧૯૮૦૯, ૮૧૪૦૧૯૪૧૧૯,
**pravinmakwana23@gmail.com**

**સારસંક્ષેપ**

શિક્ષણનું કામ છે સારા માણસો બનાવીને સમાજને આપવા અને સમાજમાં નવીન વિચારસરણી દ્વારા યોગ્ય નાગરિકોનું ઘડતર કરવું. આથી જ શિક્ષણવિદ રણછોડ શાહ કહે છે કે કોઈ પણ વ્યક્તિને પોતાના સારા કામની નોંધ ગમે છે. વધુ સારા કામને પ્રોત્સાહન મળવું જોઈએ. સમાજને કંઈક પ્રદાન કરવાનું છે. સમાજ શિક્ષણ પાસે એવી આશા રાખીને બેઠો છે કે શિક્ષણ દ્વારા જ યોગ્ય નાગરિકોનું નિર્માણ થશે. સમાજ સદાચારી અને નિર્વ્યસની વિદ્યાર્થીઓની કામના રાખે છે. સમાજ વ્યક્તિ વિકાસ માટે જ્ઞાનની કદર કરે છે. સમાજમાં સારા નાગરિકો વધારીને સમાજ માનવીય અપેક્ષાઓને પૂરી કરે તે વધુ ઈચ્છનીય છે. આજે દરેક વ્યક્તિ એવું ઈચ્છે છે કે સમાજમાં મારું માન વધે. લોકો તેને આદર આપે. વ્યક્તિના કાર્યોની એક આગવી અસર ઊભી થાય. આમાં કેટલાક લોકો સફળ થાય છે તો કેટલાક લોકો નિષ્ફળ નીવડે છે.

**પ્રસ્તાવના**

માનવી માટે, સમાજ માટે કે રાષ્ટ્ર માટે વિશ્વ માટે ભાવિનો પાયો શિક્ષણ છે. સમય ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે. ક્ષણે ક્ષણે નવમ્ નવમ્. સર્વત્ર ક્ષણે-ક્ષણે પરિવર્તનો આવી રહ્યા છે. શિક્ષણમાં આવતા પરિણામો સારા કે ખરાબ. આ પરિણામો આખરે સમાજે જ ભોગવવા પડશે. શિક્ષણ અને શિક્ષિત વ્યક્તિ પાસે સમાજ ઘણી આશાઓ રાખીને બેઠો છે. સમાજની અપેક્ષાઓ સંતોષાય એવી શિક્ષણની નીતિ-રીતિ ઘડવાની જરૂર છે. ઉચ્ચ શિક્ષણ સમાજની જરૂરિયાતો પૂરી કરીને સમાજમાં ઉત્તમ માનવીઓનું ઘડતર થાય એ જ આપણી ઉત્તમ ફલશ્રુતિ છે. આ સિવાય બધું જ નકામું છે.

**ઉચ્ચ શિક્ષણ અને સમાજની અપેક્ષાઓ**

**(૧) શિક્ષકત્વની ખોજ ઉચ્ચ શિક્ષણ માટે પાયાની જરૂરિયાત**

સમાજ સાચા અને સારા શિક્ષકોને ચાહે છે. શિક્ષકત્વની ખોજ શિક્ષકે કરવાની છે. શિક્ષણ આપતા આપતા કરે છે. શિક્ષણના અસીમિત વિરાટ સ્વરૂપનું દર્શન કરવું તે શિક્ષકની જીવનભરની યાત્રા છે. એક આરાધના છે. ભગવાન બુદ્ધ અને મહાવીર ભારત દેશની હરતી ફરતી વિદ્યાપીઠ હતી. ટાગોરની આ આરાધના શાંતિ નિકેતન જ નહિ પણ વિશ્વ સુધી ફેલાઈ છે. ભગવાન બુદ્ધની કરુણા વિશ્વની શ્રેષ્ઠ કેળવણી છે. અત્યારે વિશ્વમાં અને ખાસ કરીને ભારતીય સમાજ કરુણાના મૂલ્યો શિક્ષણ પદ્ધતિમાં ઈચ્છે છે. ઈસુની આરાધના પ્રેમ સ્વરૂપ જગતમાં વિસ્તરે છે. આ બધા કેળવણી મૂલ્યો આપણે શિક્ષક તરીકે, એક વાલી તરીકે, ભારત દેશના નાગરિક તરીકે, એક સરકારી વહીવટીતંત્રના ભાગરૂપે લાવવા જ પડશે. આ ભારતીય સમાજ શિક્ષણભૂમિને ફરી તક્ષશીલા અને નાલંદા જેવી વિદ્યાપીઠ બનાવવા માટે તીવ્ર આતુર છે.

શિક્ષણ એ જટિલ, સંકુલ, અનિશ્ચિત, અસ્પષ્ટ, અને સંઘર્ષમય છે તો બીજી તરફ તે આનંદદાયક અને રોમાંચક છે. સાથે સાથે સુખદ, વિસ્મયકારક, અદ્ભૂત, પ્રેમાળ અને નૈતિક કાર્ય છે. શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીની આંખોમાં સમજણની દીપ્તિ પથરાય તે રોમાંચક ક્ષણ એટલે શિક્ષકત્વની ખોજ. જેમ જેમ શિક્ષક વિકસતો જાય છે તેમ તેમ શિક્ષણ વધુ સ્પષ્ટ બનતું જાય છે. મનુષ્યની જેમ શિક્ષકના વિકાસની પણ વિવિધ અવસ્થાઓ હોય છે. ઝુઝોવસ્કીએ શિક્ષણના ત્રણ

તબક્કાઓ દર્શાવ્યા છે. શિક્ષક શું ? કેવી રીતે ? અને શા માટે ? એવા ત્રણ પ્રશ્નોની વિચારણા કરે છે. દરેકમાં શિક્ષકત્વ રહેલું છે. ભારતીય સમાજ એવા શિક્ષણ અને શિક્ષકત્વની ખોજ સેવે છે જે વૈશ્વિક સ્તરે ભારતને અર્જૂન, એકલવ્ય, કર્ણ, કરતાં પણ સવાયા વિદ્યાર્થીઓ પૂરાં પાડે. આમ શિક્ષકત્વની ખોજ શું ? થી શરૂ થઈ શી રીતે ? સુધી વિસ્તરી અને શા માટે ? સુધી પહોંચે છે. શિક્ષત્વની ટોચ પર બિરાજેલો શિક્ષક વિદ્યાર્થીના હૃદય સુધી પહોંચે છે. "Teaching is the Reaching." આપણો સમાજ આ શિક્ષકત્વની ખોજની વિરાટ દર્શનની યાત્રામાં તેની અર્જૂન જેવી પ્રતિબદ્ધતા શિક્ષક તરફથી વૈશ્વિક માનવીય અપેક્ષાઓને અકબંધ રાખે છે. વિદ્યાર્થીના રહસ્યોને પામવા એટલે સાચા આદર્શ શિક્ષકત્વની ખોજ. આથી જ કહેવાયું છે કે "A bad teacher tells, a good teacher explains and a best teacher inspires." આ સમાજ શિક્ષકના શિક્ષકત્વથી જ સમાજની અપેક્ષાઓ સંતોષી શકશે. આ વાત નિર્વિવાદિત છે.

**સંસ્કાર ઘડતરની જરૂરિયાતનું ઉચ્ચ શિક્ષણ**

સમાજ માનવીઓનો સમૂહ છે. સમાજમાં જરૂરી ધારા ધોરણો જળવાઈ રહે તે માટે અમૂલ્ય રત્નો જેવા ગ્રંથો આપણા પ્રાચીન ઋષિઓએ આપ્યા છે. આ ગ્રંથો દ્વારા જીવનને દીપાવવું જોઈએ. શિક્ષણ જ આપણા જીવનને પ્રકાશ આપી દિવ્ય બનાવે છે. આપણા સમાજમાં વ્યવહારિક જ્ઞાન માત્ર અને માત્ર શિક્ષણ દ્વારા જ આપી શકાય છે. જગતનો વ્યવહાર, વિકાસ અને તેમના વિનિમયનું માધ્યમ શિક્ષણ જ છે. સમાજમાં યથાશક્તિ દાન, શિક્ષણ કે આરોગ્ય વિષયક સેવાઓ પણ લોકસંગ્રહના જ કાર્યો છે.

આ સમાજમાં આજનું શિક્ષણ જિંદગીભર વણવપરાયેલી માહિતીનો ભંડાર સમું છે. શિક્ષણનો હેતુ તો જીવનભર માનવીનું ઘડતર થાય તેવા વિચારો આરોપિત થાય તેવી ખેવના સમાજ રાખે છે. સમાજ માત્ર અને માત્ર માહિતીનું માધ્યમ બનતા અટકાવાવાની અભિલાષા છે. સમાજોપયોગી માહિતી જ્ઞાન બને તેવું જીવનઘડતર સમાજમાં થાય તે ખૂબ જ જરૂરી છે. શિક્ષણ દ્વારા માહિતીનું યોગ્ય દર્શન થાય તે જરૂરી છે. સમાજમાં આપણે ધાર્મિક અને વ્યવહારુ શિક્ષણ પદ્ધતિનો સમન્વય થાય તે ખૂબ જ જરૂરી છે. આધુનિક શિક્ષણની કથળેલી પરિસ્થિતિ માટે અનેક પરિબળો પૈકી શિક્ષણ પર સરકારનો અંકુશ. ખાનગી શાળાઓ તગડી ફી લઈને લોકોને લૂંટે છે ત્યારે આ સમાજના લોકો પોતાના બાળકને જવનલક્ષી શિક્ષણ મળે તે ખેવના રાખે છે. સમાજને સંસ્કૃતિથી અળગો રાખ્યા વિના શિક્ષિત બનાવી દિશા મળે તેવી ઈચ્છા લોકો રાખે છે.

અભિજ્ઞાનશાકુન્તલમ્ નાટકમાં રાજા દુષ્યંત કણ્વ ઋષિના આશ્રમમાં પ્રવેશતાં પહેલાં તેમની અનુમતી લે છે. આમ દરેક રાજ્યસત્તા પર ગુરુઓનો પ્રભાવ જણાઈ આવે છે. જ્યારે આજે શૈક્ષણિક સંકુલો કે આશ્રમોમાં સરકારી નિયમો કે આચાર સંહિતાના નામે વિદ્યાદાતાને પાંગળા બનાવી દીધા છે. આથી કહેવાયું છે કે "સા વિદ્યા યા વિમુક્તયે" સમાજ ઈચ્છે કે જ્યાં શિક્ષણ જ નિયમોની બેડીઓથી બંધાયેલ હોય ત્યાં જીવનમુક્તિની આશા ઠગારી નીવડે છે. આમ આજે સમાજ દરેક વ્યક્તિ વિદ્યા મળ્યા બાદ મુક્તિની કામના કરે છે. પારદર્શક શિક્ષણની ઈચ્છા સમાજના છેવાડાનો માનવી રાખે છે. ખરેખર તો શિક્ષણ, ધર્મ અને સરકાર આ ત્રણેય ધારાઓ સ્વતંત્ર રીતે કામ કરે તે રીતે પારદર્શક હોવા જોઈએ.

**કૃતજ્ઞતાભાવનું સમાજનું શિક્ષણ**

આજે સમાજમાં ગુરુ અને શિષ્યનો આદરભાવ ઘટતો જાય છે. આ કૃતજ્ઞતાનો આદરભાવ ફરી સમાજમાં જાગૃત થાય એવું સમાજ ઈચ્છે છે. આ ભાવને કારણે જ સમાજ ફરીથી વધુ બળવત્તર બની ઉર્જાવાન બનશે. આ ભાવ પ્રકટ થાય તો સમાજ સંસ્કારશીલ બનશે જેમ કે.....

- "સાચા બોલા હંસો" ગદ્ય ભણાવી દો તો એ માત્ર શિક્ષણનો એક ઉપરછલ્લો ભાવ બની રહે છે પણ વર્ગના બાળકો સાચું બોલવાની પ્રતિજ્ઞા લે આ જ ખરી કેળવણી છે. આપણો સમાજ બસ આવી જ કેળવણી ઈચ્છે છે.
- "જનની" કાવ્ય તમે એક શિક્ષક તરીકે ભણાવો છો ત્યારે તે શિક્ષણનો એક ભાગ કે પ્રક્રિયા છે. આ કાવ્ય શીખ્યા બાદ બાળક પોતાની માતાને જીવનમાં શ્રેષ્ઠ સ્થાન આપે તે કેળવણી છે. આ સમાજ આવા શિક્ષણને વર્ગમાંથી સમાજ સુધી લઈ જવા ઈચ્છે છે. વિદ્યાર્થીનો માતા પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ થાય તે જરૂરી છે.
- એક શિક્ષક જ્યારે 'વૃક્ષ' વિશે વર્ગમાં બાળકોને ભણાવે કે સમજાવે છે ત્યારે વૃક્ષ આપણને શું શું આપે છે ? તે બધી વાત વિગતે સમજાવે છે ત્યારે બાળક કે વિદ્યાર્થી વૃક્ષ વિશેના મનોભાવને કૃતજ્ઞતાની દૃષ્ટિએ જુએ છે. વૃક્ષને ઉછેરીને મોટું કરે તે તેનો કૃતજ્ઞતાનો ભાવ છે.
- શિક્ષક વર્ગમાં 'પાણી' વિશે સમજાવે છે ત્યારે પાણી જ મારા જીવનનો આધાર છે તે સમજે તે જરૂરી છે. માત્ર અને માત્ર $H_2O$ સૂત્ર આવડી જાય તે જ અભિપ્રેત નથી. પાણી પ્રત્યે જીવન આધારનો ભાવ પ્રકટ થાય તે જ ખરૂ શિક્ષણ છે.
- શિક્ષક જ્યારે માટીના પ્રકારો વિશે શીખવે છે ત્યારે માટી જ મારા જીવનનો પર્યાય છે આ વાત શિક્ષક બાળકના જીવનમાં કૃતજ્ઞતાથી ઉતારે તે જ શિક્ષણ સમાજ ઈચ્છે છે. માટી પ્રત્યેનો સંવેદનાભાવ પ્રકટ થાય તે શિક્ષણ સમાજ ઈચ્છે છે.
- આપણી સંસ્કૃતિમાં સૂર્ય નમસ્કાર શીખવા એ જ જરૂરી નથી. માત્ર એક વ્યાયામ તરીકે આ ક્રિયા નથી. સૂર્ય નમસ્કાર માત્ર શરીર સુદૃઢ કરવાનું સાધન નથી, પણ સમગ્ર માનવ જાતિનો પ્રાણ સૂર્ય છે. આ વાત કૃતજ્ઞતા શીખવે છે.

આમ આ સમાજને ભવિષ્યમાં ઉપયોગી થાય અને દેશ પ્રત્યે વફાદાર નાગરિકોનું નિર્માણ થાય તે સમાજ ઈચ્છા સેવે છે.

**શિક્ષણ : વ્યક્તિનિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધીની યાત્રા એ જ સમાજની અપેક્ષા.**

જો શિક્ષણનું ચિંતન વ્યવહારિક બને તો જ શિક્ષણ સાર્થક બની શકે છે. શિક્ષણ એ તો સતત ચાલતી પ્રક્રિયા છે. મર્યાદિત સમયગાળામાં પૂરી કરવાની કોઈ યોજના નથી. અભ્યાસક્રમ પૂરો કરવો એ શિક્ષણ નથી. માત્ર અક્ષરજ્ઞાન આપવું કે માહિતી આપવી તે શિક્ષણ કે ખરી કેળવણી નથી. ડૉક્ટર, ઈજનેર કે અધિકારી બનાવી દે એ પૂરતું નથી. શિક્ષણની સાર્થકતા માનવને મહામાનવ બનાવવામાં રહેલી છે. માત્ર રોટલો રળવો એ શિક્ષણનો એક ભાગ છે, પણ રોટલાના દરેક કોળિયાને વધારે મીઠો કેમ બનાવવો ? આ જ ખરી કેળવણી છે. શિક્ષણ રોજીરોટી આપે તે પણ સ્વાભાવિક છે. પણ જરૂરિયાતમંદને રોજીરોટી અપાવતા શીખવે એ જ વધારે જરૂરી છે. આ જ શિક્ષણ છે. માત્ર વ્યક્તિ નહિ પણ આખા રાષ્ટ્રનું નિર્માણ થાય તે શિક્ષણ સમાજ ઈચ્છે છે.

શિક્ષિત એટલે બંધનોની ક્ષિતિજથી પર જવું તે. કેળવણી સદ્‌ગુણોને ખીલવીને દુર્ગુણોને દૂર કરી સાચા માનવ બનાવે છે. કેળવણી દુઃખને દૂર કરે છે. જે માનવી કેળવણી પામે તેની જાગૃતિ પરાકાષ્ઠાએ પહોંચે નહિ તો તે કેળવણી અધૂરી કહેવાય છે. કેળવણી બે પ્રકારે હોય છે. એક આંતરિક કેળવણી અને બીજી બાહ્ય કેળવણી. માનવીમાં રહેલા આંતરિક ગુણો ખીલે તે ખૂબ જ જરૂરી છે. આ બધું આંતરિક કેળવણી દ્વારા જ શક્ય છે. આત્માનો વિકાસ થાય તે માટે આંતરિક કેળવણી ખૂબ જ જરૂરી છે. બાહ્ય કેળવણી માનવીને જગતનું બાહ્ય જ્ઞાન આપે છે. માનવી પોતાની રોજીરોટી કમાઈને પોતાના જીવતરને બીજા માટે સમાજ માટે ઉપયોગી થાય તો જ સમગ્ર

સમાજનો વિકાસ થાય છે.

**ઉચ્ચ શિક્ષણ : જીવન જીવવાની કલા અને રાષ્ટ્ર ઘડતર એ જ સમાજની અપેક્ષા.**

શિક્ષણ જીવન જીવવાની કલા શીખવે છે તે જ ખરી કેળવણી છે. આ જ શિક્ષણના ધ્યેય છે. શિક્ષણ સતત પરિવર્તનશીલ છે.

– આપણે ત્રિકોણના બે ખૂણાના માપ પરથી ત્રીજા ખૂણાના માપને શોધી શકીએ છીએ પણ આપણા વડીલ માતા કે પિતાને ઘરની બહાર કાઢતાં સહેજ પણ અચકાતા નથી આ મોટી કરુણતા છે. આમ આપણે આપણા પરિવારમાં હળી-મળી કેમ રહેવું અને સારી રીતે જીવન કેમ જીવવું ? આ જ ખરી કલાનું શિક્ષણ શીખવે છે. આ કલા એટલે જ શિક્ષણ.

– આપણી ગણિતના ભલભલા સમીકરણ ઉકેલવામાં નંબર મેળવતાં હોય, પણ આપણા પરિવાર કે આસપાસ પડોસમાં રહેલી સમસ્યાને કે મડાગાંઠને ઉકેલી શકતા નથી. આ ઉકેલવાની શક્તિ કે સામર્થ્ય કેળવાય તે જ ખરી કેળવણી છે.

– આપણે મંગળ ગ્રહ સુધી પહોંચી શક્યા છીએ. મંગળ ગ્રહ કે અન્ય ગ્રહો પર શું શું છે ? આ વાતની સાબિતી કરી શક્યા છીએ, પણ એકબીજાના હૃદય સુધી પહોંચવામાં ધીરજ કે ચેતના ગુમાવી બેઠા છીએ.

આમ શિક્ષણ ઉપર રાષ્ટ્રના વિકાસનો આધાર રહેલો છે. રાષ્ટ્રને પરમ વૈભવની ઊંચાઈએ લઈ જવા માટે મજબૂત પાયારૂપે આધારભૂત આદર્શ કેળવણીની જરૂર પડશે. આવી કેળવણીથી જ જીવન નિર્માણ થાય છે. જ્યારે આવી કેળવણીથી નૈતિક શિક્ષણ અને મૂલ્ય શિક્ષણને વધુ ગ્રાહ્ય અને વ્યવહારિક રાખવાની જરૂરિયાત છે. વર્ષો પહેલાના ચારિત્ર્ય ઘડતરના શિક્ષણને વધુ મહત્ત્વ આપવાની જરૂર છે. આજે ચારિત્ર્ય ઘડતર દ્વારા રાષ્ટ્ર ઘડતર તરફ ગતિ કરવાની આપણી નેમ અને ખેવના હોવી જોઈએ.

આમ આજે એકવીસમી સદીમાં આપણી દુનિયા સામે અનેક પડકારો મોં વકાસીને ઊભા છે ત્યારે ઉચ્ચ શિક્ષણને ચેતનવંતુ બનાવવાની જરૂર છે. આમ ઉચ્ચ શિક્ષણ જીવનલક્ષી, સમાજલક્ષી, રાષ્ટ્રલક્ષી અને વિશ્વલક્ષી બની રહે એમાં જ તેની ખરી સાર્થકતા છે. ઉચ્ચ શિક્ષણ સમાજને ઉપયોગી થાય તેવા જ પરિરૂપની જરૂર છે.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

## 'ઘરશાળા' માસિક

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

# નિષ્ફળતાઓનું મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન

**પ્રાધ્યાપક : પ્રમોદભાઈ એન. પ્રજાપતિ**

(મનોવિજ્ઞાન વિભાગ), યુ.ટી.એસ. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ.

કોઈપણ વ્યક્તિ પોતાની ભૂલ કરવા માટે સર્જાયેલો હોય છે કારણ કે પોતાનામાં કાર્ય કરવાનો અનુભવ નથી, કાર્યશક્તિ નથી કામને અનુરૂપ, ચોક્કસ નિર્ણય લેવાની શક્તિનો અભાવ હોય છે.

આમ જીવનની સફળતા અને નિષ્ફળતા એક સિક્કાની બે બાજુ જેવા છે સિક્કો ઉછાળતા જે આવે તે સ્વીકારી લેવાનું હોય છે, પરંતુ કેટલાક વ્યક્તિઓને હકીકતો પોતાની પર જ જાય વિશ્વાસ હોતો નથી. તેઓ નસીબમાં જ સતત માનતા રહે છે. આમ તેમની નિષ્ફળતાના ઘણા કારણો જોવા પડે છે જેમાં પોતે લાંબો વિચાર કરી શકતા નથી બસ પોતાના કામને જ વિચાર્યા વગર જ કરે છે. નિષ્ફળતાને પચાવી શકતા નથી, ભાંગી પડે છે અને જીવન ખતમ થઈ ગયું છે તેવી લાગણી અનુભવે છે.

**આમ વ્યક્તિના નિષ્ફળતાનાં ઘણાં કારણો જોવા મળે છે:**

- વ્યક્તિને પોતાના જ જીવનનો ધ્યેય - લક્ષ્ય શું છે તેની પૂરેપૂરી જે જાણકારી હોવી જોઈએ તે હોતી નથી.
- પોતાના કાર્ય અંગેનું આસપાસનું વાતાવરણ ઓળખી શકવાને અસમર્થ હોય છે વાતાવરણની કોઈ જાણકારી હોતી નથી.
- પોતાને શું કરવું છે ? ક્યારે કરવું છે ? શા માટે કરવું છે તે અંગેની પોતાની ઈચ્છા શક્તિ જે જાગૃત થવી જોઈએ તે થતી નથી.
- પોતાની જાત પર આત્મવિશ્વાસ હોતો નથી તેથી તે સતત ડરપોક સ્વભાવના રહે છે.
- કેટલીકવાર પોતાનામાં જે શિક્ષણ હોવું જોઈએ તેનો તદ્દન અભાવ જોવા મળે છે.
- કોઈપણ કામની શરૂઆત ક્યારે અને કેવી રીતે કરવી જોઈએ, આયોજન કેવું હોવું જોઈએ તેનો તદ્દન અભાવ જોવા મળે છે.
- પોતાનામાં સારા વિચારો આવતા નથી અને પોતાને જે અમૂલ્ય તક મળે છે તેની કાર્ય કરવાની શક્તિને ઓળખી શકતા નથી.
- કાર્યનું આયોજન મેળવવા માટે શું કરવું જોઈએ તેવી વિચારશક્તિનો સદંતર અભાવ જોવા મળે છે.
- બીજા વ્યક્તિની સફળતાથી ઈર્ષ્યા થાય છે, નવું શીખવાની તાલાવેલી જાગૃત થવી જોઈએ તે થતી નથી.
- કોઈપણ જગ્યાએ ત્વરિત નિર્ણય લેવાનો હોય તો પણ તે લઈ શકતા નથી તેનો અભાવ જોવા મળે છે.
- શારીરિક રીતે તદ્દન અશક્ત જોવા મળે છે.
- પોતાના કૌટુંબિક જીવનમાં તદ્દન નિષ્ફળતા જોવા મળે છે.
- નવી વાતનો અમલ કરવાનો સતત ડર લાગે છે. પોતે જે વ્યવસાય પસંદ કર્યો છે તે યોગ્ય નથી અથવા તો પોતાને તે અનુરૂપ નથી તેવું સતત લાગ્યા કરે છે.
- પોતાને કશું જ આવડતું નથી અને મારે નવી બાબત શીખીને શું કરવી છે તે અંગે સતત અજાગૃત મન રહેતા મન શૂન્ય અવકાશ બની જાય છે.
- હું કોઈનો સહકાર લઈ શકતો નથી કારણકે મારામાં સાહસિકતાનો અભાવ જોવા મળે છે.
- નવો વ્યવસાય કરવા માટે પૂર્તિ મૂડી નથી.
- સ્વભાવે તદ્દન જલ્દીથી પૈસાદાર બની જવાય તેવી સતત તાલાવેલીને કારણે કેટલીકવાર વ્યક્તિ

અપ્રામાણિક બને છે.

- પોતે જે કાર્ય કરવાનું છે તે ગમતું જ નથી, જો કરીશ તો તેમાં ચોકક્સ નિષ્ફળ જઈશ તેવા નકારાત્મક વિચારોથી પીડાય છે.
- મારા મનમાં નવી આશા જે જાગૃત થવી જોઈએ તે થતી નથી મને અભિમાન છે અને સતત પૂર્વગ્રહથી પીડાવું છું.
- બહુ જ ઝડપથી ટૂંક સમયમાં મેળવી લેવાનો સતત પ્રયત્ન કરું છું.
- તમે તમારા કિંમતી સમયને ઓળખવાની જે ક્ષમતા અને મનની જાગૃતતા હોવી જોઈએ તે નથી.
- મનને વારંવાર બદલ્યા કરો છો. એક જ લક્ષ્ય - ધ્યેય મન પર કેન્દ્રિત થવું જોઈએ તે થતું નથી.

**વ્યક્તિએ લીધેલો નિર્ણય વારંવાર બદલ્યા કરે છે.**

વ્યક્તિએ પોતાની નિષ્ફળતાને પોતે જ પચાવી લેવાની છે એટલે એણે જાતે જ તપાસ કરવી પડે છે. દા.ત.: સાગરમાં મરજીવો મોતી શોધવા ઊંડે સુધી ડૂબકીઓ મારે ત્યારે મનનાં સાગરના ઊંડાણમાં જઈને મોતી લાવે છે તેવી જ રીતે જિંદગીમાં પોતાનો કોઈપણ પ્રશ્ન હોય તો તેનો સુખદ ઉકેલ લાવવાની સમર્થતા કેળવવી પડે છે આજુબાજુના વાતાવરણનો સહારો લેવો પડે છે.

**એક વાર્તામાં**

રાજા નગરમાં દિનચર્યા જોવા નીકળે છે તો તે રસ્તા પર પડેલો પથ્થર જુએ છે તે પથ્થર રસ્તા પર હોય છે જેમાં બાવાજીને, પોલીસને, ઠોકર વાગે છે પણ કોઈ તે પથ્થરને ઉપાડીને બાજુમાં મૂકવો જોઈએ તે કોઈ મૂકતું નથી તેથી રાજા બધો જ તમાશો જુએ છે અને ફરીથી એ રાજા જાતે જ પથ્થર ઉપાડીને સલામત જગ્યાએ મૂકે છે.

વ્યક્તિઓ જીવનમાં સતત ઠોકરો ખાતા હોય છે. આ જીવનની કડવી વાસ્તવિકતા પણ જાણવા અને સમજવાનો પ્રયત્ન કરતાં નથી.

**નિષ્ફળતાને કેવી રીતે પચાવવી જોઈએ ?**

દરેક વ્યક્તિને પોતાને જ્યારે સફળતા કે નિષ્ફળતા મળે તો પણ તેનું પુનઃમૂલ્યાંકન કરવું જોઈએ. આ જીવનની એક શરત છે.

નિરાશ થતાં જ અકળામણ અનુભવે. નિરાશા તમારા મનનો કબજો લઈ લેશે અનેક નિષ્ફળતાઓનો સરવાળો એટલે સફળતા. નિષ્ફળતા તમારા માટે જીવનની સાથે જ મળી જાય છે. માટે નિષ્ફળતાના કારણોને શાંતિથી વિચારી જુઓને ઘણાં બધા કારણો છુપાયેલા હોય છે જે વ્યક્તિનું મન સતત નબળું હોય તેને નિષ્ફળતા વધુ ઘેરી લાગે છે. તેથી શાંતિથી વિચારણા કરી લેવી, પોતાની જાતને યોગ્ય પ્રશ્નો પૂછીને જ પ્રયત્ન કરવો જોઈએ.

- આ કાર્ય મારાથી થઈ શકશે કે કેમ ?
- આ કાર્યમાં સફળતા મેળવવા માટેની આવડત જે હોવી જોઈએ તે ખરેખર છે કે કેમ ?
- આ મારા જીવનમાં આવતા પરિવર્તનોને સમજવાની તાકાત હોવી જોઈએ તો તેમાં નિષ્ફળતાનાં કારણો જોવા મળશે, તેને સ્વીકારીને, સમજીને વિચારી શકાય. ટૂંકમાં જે ધ્યેયશક્તિ તમારામાં હોવી જોઈએ તે ન હોય તો નિષ્ફળતાને પચાવી શકાય નહીં.

દા.ત.: ઈસુ ખ્રિસ્ત, રાજા રામ મોહનરાય, મીરાંબાઈ વગેરે પોતાના ક્ષેત્રમાં ધ્યેયને પામવા માટે ખૂબ જ ઝઝૂમ્યા. પરિસ્થિતિઓ ખૂબ જ વિકટ હતી, કોઈનો સાથ-સહકાર પણ ન હતો તેમ છતાં અડગ મનથી, નિશ્ચયથી નિર્ણય લઈને પોતાના કાર્યમાં જ મસ્ત બનીને ધ્યાન ધરી તેનાથી લાંબાગાળે સફળતા મેળવી શક્યા. વ્યક્તિ પોતે એકલો જ પોતાની મસ્તીમાં ઝઝૂમશે તો તેને નિષ્ફળતામાંથી સફળતા ચોક્કસ મળશે. આ બધા જ ઉદ્દેશ્યો જીવનમાં સમજવા અને ગ્રહણ કરવા જેવા છે.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિક્માં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

- **ગુણોત્સવનું પરિણામ જાહેર થયું 'એ' પ્લસ તથા 'એ' ગ્રેડની શાળાઓમાં થયેલો વધારો :**

  શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે ચાલુ વર્ષે ગુણોત્સવ-૮ યોજાયો હતો. જેનું પરિણામ જાહેર થયું હતું. 'એ' પ્લસ ગ્રેડની શાળાઓ ૨૧૧૭થી વધીને ૩૨૦૭ અને 'એ' ગ્રેડની શાળાઓ પણ ૧૭૬૫૩થી વધીને ૨૨૪૩૬ થઈ છે. જ્યારે "બી" ગ્રેડની શાળાઓ ૧૨૫૫૬થી ઘટીને ૭૬૨૯ થઈ છે. "સી" ગ્રેડની શાળાઓ ૧૬૧૩થી ઘટીને ૭૭૪ અને "ડી" ગ્રેડની શાળાઓ ૩૦૦થી ઘટીને ૧૮૧ નોંધાઈ છે. ધોરણ ૨ થી ૮ના લગભગ તમામ ૪૮ લાખથી વધુ બાળકોની વાચન, લેખન અને ગણન ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જ્યારે ધોરણ ૬ થી ૮માં તમામ ૨૧ લાખથી વધુ બાળકોનું તેમનાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષા જેવા વિષયોને આવરી લઈને ઓએમઆર પદ્ધતિથી મૂલ્યાંકન કરાયું હતું. ગુણોત્સવના પરિણામને આધારે ગ્રેડ આપવામાં આવે છે. જેમાં ૬૦ ટકા ગુણભાર બાળકોની શૈક્ષણિક સિદ્ધિ અને ૪૦ ટકા ગુણભાર અભ્યાસ પ્રવૃત્તિ વગેરેને આપવામાં આવે છે.

- **આઈઆઈએમએમાં આ વર્ષે વિદ્યાર્થીઓમાં થયેલો વધારો :**

  આઈઆઈએમએ- અમદાવાદમાં આ વર્ષે કુલ ૩૯૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. જે ગયા વરસે ૩૯૫ હતા. ગયા વર્ષે ૨૮ ટકા છોકરીઓ હતી જેની સામે આ વર્ષે ૨૭ ટકા છોકરીઓ છે. ૩૯૯ વિદ્યાર્થીઓનાં નોન એન્જિનિઅરિંગ બ્રેક ગ્રાઉન્ડ ધરાવતા એટલે કે ઈજનેરી ન ભણ્યા હોય તેવા વિદ્યાર્થીઓ વધીને ૩૩ ટકા થયા છે. જે ગયા વર્ષે ૩૨ ટકા હતા.

| **બેચ વર્ષ** | **વિદ્યાર્થીઓ** | **છોકરીઓ** |
|---|---|---|
| ૨૦૧૬-૧૮ | ૩૯૬ | ૨૧ ટકા |
| ૨૦૧૭-૧૯ | ૩૯૫ | ૨૮ ટકા |
| ૨૦૧૮-૨૦ | ૩૯૯ | ૨૭ ટકા |

- **મેડિકલ-એન્જિનિઅરિંગ કૉલેજોની પ્રવેશ પરીક્ષામાં ફેરફાર :**

  નવી રચાયેલ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) હવે મેડિકલમાં પ્રવેશ માટેની એનઈઈટી અને એન્જિનિઅરિંગમાં પ્રવેશ માટેની જેઈઈ (મેઈન) પરીક્ષાઓ લેશે અને આ પરીક્ષાઓ વર્ષમાં બે વખત લેવામાં આવશે. જેઈઈ (મેઈન) જાન્યુઆરી અને એપ્રિલ માસમાં જ્યારે એનઈઈટી ફેબ્રુઆરી અને મે મહિનામાં લેવામાં આવશે. આ બંને પરીક્ષામાંથી જેમાં વધુ ગુણ હશે તે ગુણ એડમિશન માટે ધ્યાનમાં લેવાશે. હવે આ પરીક્ષાઓ કમ્પ્યૂટર દ્વારા આપવાની રહેશે. આ પરીક્ષા ચારથી પાંચ દિવસ સુધી લેવામાં આવશે. વિદ્યાર્થીઓ તેમની અનુકૂળતા મુજબ તારીખ નક્કી કરી શકશે.

- **બાળકોની ચિંતાજનક સ્થિતિ :**

  એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં બાળકો અને સગીરો પાસે મજૂરીકામ

કરાવાય છે. એક સ્વૈચ્છિક સંસ્થાના આંકડામાં આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના ૨.૩ કરોડ બાળકો મજૂરી કરે છે અને તેમાંથી ૧.૯ કરોડ બાળકો શાળા છોડી દેતા હોય છે. દેશભરમાં બાળવિવાહ, બાળકોનું શિક્ષણ અને બાળમજૂરી જેવા પાસાઓને આવરી લઈને આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો વધી રહ્યો છે અને શિક્ષણ છોડી રહ્યા છે. જેને અટકાવવા માટે આ રિપોર્ટમાં સરકારને શિક્ષણ અધિકાર કાયદામાં સુધારા માટે પણ ભલામણ કરવામાં આવી છે અને મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો કરવાની સલાહ અપાઈ છે. આ સાથે યુવતીઓને યુવકોના પ્રમાણમાં ઓછું શિક્ષણ મળી રહ્યું છે તેની વાત પણ આ રિપોર્ટમાં થઈ છે. સાથે જે પણ પરિવાર ગરીબી રેખા નીચે જીવી રહ્યો છે તેને મફતમાં શિક્ષણ આપવાની તેમજ ગરીબી અને બેરોજગારી ઉપર પણ પૂરતું ધ્યાન આપવાની વાત ઉપર આ રિપોર્ટમાં ભાર મુકાયો છે.

- **એઈમ્સની પ્રવેશ પરીક્ષામાં દેશના ટોપ ૧૦૦ રેન્કમાં ગુજરાતના ચાર વિદ્યાર્થી :**

  ધોરણ ૧૨ સાયન્સ પછીના એમબીબીએસ અભ્યાસક્રમની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ મેડિકલ સાયન્સની પ્રવેશ પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં દેશના ટોપ ૧૦૦ ઑલ ઈન્ડિયા રેન્કમાં ગુજરાતના ચાર વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. ગયા વરસ કરતાં આ વર્ષે રેન્કર વધ્યા છે. પરંતુ પરિણામ ઘટ્યું છે. ગુજરાત સહિત દેશભરમાંથી આ વર્ષે ઘણાં ઓછા વિદ્યાર્થીઓ ક્વૉલિફાઈ થયા છે. જો કે ૮૦૭ બેઠકો સામે આ વર્ષે દેશભરમાં ૨૬૪૯ વિદ્યાર્થીઓ ક્વૉલિફાય થયા છે. ગયા વર્ષે સમગ્ર દેશમાંથી ૨.૮૭ લાખ વિદ્યાર્થીઓમાંથી ૪૯૦૫ વિદ્યાર્થીઓ ક્વૉલિફાય થયા હતા.

**ટૂંકાવીને...**

- એલએલબીમાં બે કૉલેજોને મંજૂરી મળી પરંતુ ગ્રાન્ટેડ કૉલેજોના અભાવે ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા.
- ૨૬ જુલાઈથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન કલાકારોને પ્રોત્સાહન આપવા કલા મહાકુંભ યોજાશે.
- ધોરણ ૧૦માં ૨૯ હજાર વિદ્યાર્થીના રિચેકિંગમાં ૨૦૮ના માર્કસ સુધર્યા. ૫૪ વિદ્યાર્થીઓ પાસ થતા પૂરક પરીક્ષા આપવી નહિ પડે.
- છોકરીઓને શિક્ષણથી વંચિત રાખવાથી જગતને ૩૦૦ અબજ ડૉલરનું નુકસાન : વર્લ્ડ બેન્ક
- ગરીબ દેશોમાં બે તૃતિયાંશથી પણ ઓછી છોકરીઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરી શકે છે. સ્ત્રી શિક્ષણ ઉપર વર્લ્ડ બેન્કે ભાર મૂક્યો.
- પ્રથમ રાઉન્ડના અંતે મેડિકલ-ડેન્ટલમાં ૯૮૮ બેઠક ખાલી રહી.
- ગુજરાત યુનિ. ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયામાં બે રાઉન્ડ બાદ પણ બી.કોમમાં ૧૦૯૦૦ સહિત કોમર્સમાં ૧૨૫૮૯ બેઠકો ખાલી.
- રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આશરે ૪ હજાર જેટલી શિક્ષકોની ખાલી જગા.
- ગુજરાત યુનિ. સંલગ્ન એમ.એ.ની એક બી.એડ.ની છ અને બીકોમની બે સહિત નવ કૉલેજો બંધ
- આયુર્વેદિક-હોમિયોપેથી-નેચરોપેથી માટે પણ હવે "નીટ"ના ૫૦ પર્સન્ટાઈલ જરૂરી.

# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓની ઉજવણી



સરસ્વતી કુમારશાળા નં.૧ - વિદ્યાર્થી સંઘની ચૂંટણી



સરસ્વતી કુમારશાળા નં.૧ - જ્ઞાનગૌરવ - સિદ્ધિના સન્માન



શાંતિકુમાર કોઠારી વિદ્યાલય - વૃક્ષારોપણ ● મહેંદી સ્પર્ધા



શાંતિકુમાર કોઠારી વિદ્યાલય - જ્ઞાનગૌરવ - સિદ્ધિના સન્માન

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • ઓગસ્ટ - ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ.૧૫૦/-

# ગરવા ગુરુને વંદન



**ડૉ. રઘુભાઈ નાયક**
**(૧૫ ઓગસ્ટ ૧૯૦૭)**
**૧૧૨મા જન્મ દિને**
**શત્ શત્ વંદન.**

માણસને માણસ
બનાવવાના કેળવણીના
ઉચ્ચત્તમ ધ્યેયની અમારા
ગુરુ મુ.શ્રી રઘુભાઈએ
આજીવન સાધના કરી.
શિક્ષણને જ આપ ધર્મ માન્યો.
એવા,
અમારા ગુરુમાં અમને
ગોવિંદના દર્શન થયા છે, થાય છે.
આ દર્શન જ અમને
એમના કર્તવ્ય પરાયણ કાર્યોથી
આજીવન કેળવણીમાં રચ્યા પચ્યા
રહેવાની પ્રેરણા આપે છે.

**સરસ્વતી પરિવાર**

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.